અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


07 MAY-2026 THRUSDAY | Vol. : 17 | Issue : 304 | Page: 06 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3




કંગાળ પાકિસ્તાને 50 વર્ષ પછી ફરી દારૂ વેચવાનું શરૂ કર્યું : બિન-મુસ્લિમ દેશોને સપ્લાય કરશે

4



પરભાતે રવિ ઉગતાં પહેલાં! એ પ્રભાતિયાંમાં નરસિંહ વિવિધ ઉપમા દ્વારાં શું સમજાવે છે?

6



સલમાન સાથે ટકરાશે પ્રભાસ, 'સ્પિરિટ' પર આવ્યું મોટું અપડેટ : ઈદ વીકએન્ડ મુકાબલાની ચર્ચા, બંને સુપરસ્ટાર્સની ફિલ્મો પર ઈન્ડસ્ટ્રીની નજર

7



આ વર્ષે ₹18 હજાર મોંઘુ થયું, ચાંદી આજે ₹6 હજાર વધીને ₹2.46 લાખ પ્રતિ કિલોએ પહોંચી, સોનું ₹3 હજાર વધીને ₹1.51 લાખ પર પહોંચ્યું

## NEWS BRIEF

### ગિફ્ટ સિટીમાં રોકાણના નામે 400 કરોડથી વધુનું ફુલેકું?

#### મહિને 5% રિટર્નની લાલચમાં 33 હજાર રોકાણકારોના નાણાં ડૂબ્યાની આશંકા, શૂટ સ્પેસના સંચાલકો રફુચક્કરના આક્ષેપો

ગાંધીનગર, તા.06

રોકાણકારોએ તો 5 લાખથી લઈને 3 કરોડ રૂપિયા સુધીની રકમ ગુમાવી હોવાની ફરિયાદો ઉઠી છે. ગુજરાતના આર્થિક હબ ગણાતા ગિફ્ટ સિટીમાં રોકાણના નામે કરોડો રૂપિયાનું મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. અહીં કાર્યરત શૂટ સ્પેસ ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીએ ટેરાબાઈટ ડેટા સ્પેસમાં રોકાણ કરાવી ઊંચા વળતરની લાલચ આપી કરોડોનો ચૂનો લગાવ્યો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. રોકાણકારો કંપનીની ઓફિસે ન્યાયની માંગ સાથે ઉમટી પડતા ગિફ્ટ સિટીમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ અંગે જાણ થતા ડભોડા પોલીસે સ્થળ પર પહોંચી મામલો થાળે પાડ્યો હતો. પોલીસ દ્વારા ભોગ બનનારા લોકોની ફરિયાદો નોંધવાની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે અને કંપનીના સંચાલકોની શોધખોળ હાથ ધરી કાયદેસરની તપાસ શરૂ કરી છે. પ્રાથમિક અંદાજ મુજબ આ કૌભાંડનો આંકડો મોટો છે. આશરે 33,000થી વધુ ગ્રાહકો આ સ્કીમમાં ફસાયા હોવાની ભીતિ છે અને કૌભાંડનો આંકડો 400 કરોડ રૂપિયાને પાર કરી શકે છે. કેટલાક રોકાણકારોએ તો 5 લાખથી લઈને 3 કરોડ રૂપિયા સુધીની રકમ ગુમાવી હોવાની ફરિયાદો ઉઠી છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા ગિફ્ટ સિટી ખાતે પોલીસ કાફલો દોડી ગયો હતો. આ અંગે ડભોડા પોલીસ મથકના પીઆઈ અનિલ ચૌહાણે કહ્યું કે, રોકાણકારોને વળતર નહીં મળ્યાનો આક્ષેપ છે. જે મામલે તેમણે અરજી આપી છે. જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ કંપની દ્વારા રોકાણકારોને એવી લોભામણી સ્કીમ બતાવવામાં આવી હતી કે જો તેઓ ટેરાબાઈટ ડેટા સ્પેસ ખરીદવામાં રોકાણ રોકશે, તો તેના બદલામાં તેમને દર મહિને 5 ટકા જેટલું માતબર વળતર ચૂકવવામાં આવશે.

### તમિલનાડુમાં વિજયના શપથ ટળી શકે છે : સરકાર બનાવવા 118 ધારાસભ્યો જરૂરી, TVK પાસે 113

તમિલનાડુ, તા.06

તમિલનાડુમાં 7 મેના રોજ નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ટળી શકે છે. TVK ચીફ વિજયે બુધવારે લોકભવનમાં રાજ્યપાલને મળીને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો. સૂત્રો અનુસાર, વિજયે 113 ધારાસભ્યોનો સમર્થન પત્ર સોંપ્યો છે. સમર્થન પત્રમાં TVKના 107 અને કોંગ્રેસના 5 ધારાસભ્યોની સહીઓ છે. ANI સૂત્રો અનુસાર, રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે 118 ધારાસભ્યોના સમર્થન પત્રની માંગ કરી. આના પર વિજયે સમર્થન માટે સમય માંગ્યો. 234 સભ્યોની વિધાનસભામાં TVKની 108 બેઠકો છે, પરંતુ વિજય બે બેઠકો પર જીત્યા છે, તેથી એક બેઠક છોડવા પર તે 107 રહી જશે. કુલ બેઠકો 233 હોવા છતાં બહુમતી 118 જ રહેશે, તેથી TVKને વધુ 11 ધારાસભ્યોની જરૂર છે. હાલમાં કોંગ્રેસના 5 ધારાસભ્યોનું સમર્થન મળ્યું છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકારનો શપથ સમારોહ 9 મેના રોજ કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં સવારે 10 વાગ્યે યોજાશે. પ્રદેશ અધ્યક્ષ સમિક ભટ્ટાચાર્યએ બુધવારે આ માહિતી આપી. તેમણે જણાવ્યું કે 7 મેના રોજ ધારાસભ્ય દળની બેઠક યોજાશે. 7 મેના રોજ પરિણામો જાહેર થયા પછી બંગાળમાં હિંસા ફાટી નીકળી હતી. છેલ્લા 24 કલાકમાં 4 લોકોના મોત થયા હતા, જેમાં 2 ભાજપ અને 2 ટીએમસી કાર્યકરોનો સમાવેશ થાય છે. મંગળવારે રાત્રે કોલકાતાના ન્યૂ માર્કેટમાં ટીએમસી પાર્ટી ઓફિસ પર બુલડોઝર ફરી વળ્યું હતું. ઉત્તર 24 પરગણા જિલ્લાના સંદેશખાલી સ્થિત બામનઘેરી વિસ્તારમાં મંગળવારે રાત્રે પેટ્રોલિંગ કરી રહેલા પોલીસ અને કેન્દ્રીય દળો પર હુમલો થયો. ઉપદ્રવીઓએ ગોળીબાર કર્યો, જેમાં પાંચ સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા. ઘાયલોમાં નાજાટ પોલીસ સ્ટેશનના ઓફિસર ઈન-ચાર્જ, એક કોન્સ્ટેબલ, એક મહિલા પોલીસકર્મી અને કેન્દ્રીય દળોના બે જવાન સામેલ છે.

### ધોલેરામાં દેશનું પહેલું GaN આધારિત Micro-LED યુનિટ, 2,200થી વધુ યુવાનોને સીધી રોજગારી મળશે

# ગુજરાતમાં સુરત સહિત 3,936 કરોડના બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટને કેન્દ્રની મંજૂરી

ગાંધીનગર, તા.06

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રિય મંત્રીમંડળની બેઠકમાં ભારત સેમિકન્ડક્ટર મિશન હેઠળ ગુજરાત માટે બે મહત્વપૂર્ણ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. કુલ 3,936 કરોડના આ રોકાણથી રાજ્યમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ટેક્નોલોજીના ક્ષેત્રે ઐતિહાસિક વિકાસનો માર્ગ ખુલ્યો છે. ધોલેરામાં દેશનું પહેલું GaN આધારિત Micro-LED યુનિટ બનશે. આ પ્રોજેક્ટોથી અંદાજે 2,200થી વધુ કુશળ યુવાનોને સીધી રોજગારી મળશે, જ્યારે પરોક્ષ રીતે હજારો રોજગાર તકો સર્જાશે. જ્યારે ગુજરાતની Suchi Semicon પ્રા.લિ. દ્વારા સુરત ખાતે સેમિકન્ડક્ટર પેકેજિંગ અને ટેસ્ટિંગ (OSAT) યુનિટ સ્થાપવામાં આવશે. આ આધુનિક પ્લાન્ટમાં દર વર્ષે 100 કરોડથી વધુ ચિપ્સના પેકેજિંગ અને ટેસ્ટિંગ કરવાની ક્ષમતા રહેશે, જેમાં પાવર અને એનાલોગ સેમિકન્ડક્ટર ચિપ્સનો સમાવેશ થાય છે. ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ અને ઔદ્યોગિક ક્ષેત્ર માટે ઉપયોગી આ ચિપ્સનું ઉત્પાદન "મેક ઈન ઈન્ડિયા" અભિયાનને બળ આપશે તેમજ પ્રદેશમાં રોજગારના નવા અવસર ઊભા કરશે.



#### ધોલેરામાં દેશનું પહેલું GaN આધારિત Micro-LED યુનિટ

આ પ્રોજેક્ટ અંતર્ગત કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન, એસેમ્બલી અને ટેસ્ટિંગની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. ખાસ કરીને ગેલિયમ નાઈટ્રાઈડ (GaN) આધારિત મિની અને માઈક્રો-એલઈડી ડિસ્પ્લે મોડ્યુલોનું ઉત્પાદન કરવામાં આવશે, જે ભારત માટે પ્રથમ વ્યાવસાયિક પહેલ ગણાશે. GaN ટેક્નોલોજી વધુ કાર્યક્ષમ, ઊંચી બ્રાઈટનેસ અને ઓછી ઉર્જા વપરાશ માટે જાણીતી છે, જેના કારણે તે ભવિષ્યની ડિસ્પ્લે ટેક્નોલોજીમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

### એસ-400ના 5 નવા સ્ક્વોડ્રન ખરીદવાની તૈયારી

નવી દિલ્હી, તા.06

ભારત સરકાર S-400 મિસાઈલોના 5 નવા સ્ક્વોડ્રન ખરીદવાની તૈયારી કરી રહી છે. તેના એક સ્ક્વોડ્રનમાં 8 લોન્ચર હોય છે અને દરેક લોન્ચરમાં 4 મિસાઈલ કન્ટેનર હોય છે. આ હિસાબે લગભગ 32 મોટી મિસાઈલો મળશે. ગયા વર્ષે 7 થી 10 મે વચ્ચે ચાલેલા ઓપરેશન સિંદૂરમાં આપણા એર ડિફેન્સ સિસ્ટમની S-400 મિસાઈલોએ પાકિસ્તાનમાં 300 કિલોમીટર અંદર ઘૂસીને કહેર વર્તાવ્યો હતો, હવે આપણા રક્ષા કાફલામાં તેમની સંખ્યા વધવા જઈ રહી છે. ખરીદીની દિશામાં રશિયા સાથેની ચર્ચામાં સકારાત્મક પ્રગતિ થઈ છે. વાયુ સેના માટે 5 S-400નો પહેલો સોદો 2018માં થયો હતો. 3 સિસ્ટમ્સ મળી ચૂકી છે. રશિયાએ ખાતરી આપી છે કે બાકીની બે સિસ્ટમ અને ઓપરેશન સિંદૂરમાં વપરાયેલી બેટરીની મિસાઈલો પણ આગામી 6 મહિનામાં આપી દેશે. રશિયા મુજબ આ પછી નવા સ્ક્વોડ્રન આવશે. આ રીતે બંને સોદા લગભગ એક લાખ કરોડ રૂપિયાના હશે. DRDO S-400 જેવી જ ઈન્ટરસેપ્ટર મિસાઈલો બનાવી રહ્યું છે. આ પ્રોજેક્ટ કુશા છે.

# 1 જૂનથી ગુજરાતમાં વસતી ગણતરીનો પ્રારંભ થશે

### પરિવારદીઠ આ 33 સવાલ પૂછવામાં આવશે, 17 મેથી તમે જાતે પણ માહિતી નોંધાવી શકશો

રાજકોટ, તા.05

ગુજરાતમાં વસતી ગણતરીને લઈ મહત્વપૂર્ણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારના ગેઝેટ મુજબ રાજ્યમાં 1 જૂન 2026થી 30 જૂન 2026 દરમિયાન હાઉસ લિસ્ટિંગ ઓપરેશન હાથ ધરાશે. આ તબક્કામાં દરેક મકાન, રહેણાંક એકમ તેમજ ઘરેલુ માહિતી એકત્રિત કરવામાં આવશે અને પરિવારદીઠ આશરે 33 સવાલો પૂછવામાં આવશે. હાઉસ ટુ હાઉસ ગણતરી શરૂ થાય તે પહેલાં નાગરિકોને પોતાની માહિતી જાતે જ નોંધાવવાની તક આપવામાં આવશે. 17 મેથી 31 મે દરમિયાન "સેલ્ફ એન્યુમેરેશન" (Self Enumeration) પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં લોકો પોતાની માહિતી સ્વયં નોંધાવી શકશે.

ગુજરાતમાં 1 જૂનથી 30 જૂન સુધી હાઉસ લિસ્ટિંગ ઓપરેશન હાથ ધરાશે

વસતી ગણતરીના પ્રથમ તબક્કાના ભાગરૂપે 1 જૂથી ગુજરાતમાં હાઉસ ટુ હાઉસ લિસ્ટિંગની પ્રક્રિયા હાથ ધરાશે. ઘરે ઘરે જઈ કર્મચારીઓ દ્વારા પરિવારદીઠ 33 સવાલો પૂછવામાં આવશે.

17 મેથી લોકો સેલ્ફ એન્યુમેરેશન પણ કરી શકશે

1 જૂનથી ગુજરાતમાં હાઉસ ટુ હાઉસ લિસ્ટિંગ કાર્યવાહી શરૂ થશે. આ પહેલા 17 મે થી 31 મે સુધી લોકો જાતે માહિતી નોંધાવવાની તક પણ આપવામાં આવશે. કઈ રીતે સેલ્ફ એન્યુમેરેશન થશે તે ગ્રાફિક્સની મદદથી સમજીએ.



વસતી ગણતરી માટે સરકારની તડામાર તૈયારી

વસતી ગણતરીને સફળ બનાવવા માટે તંત્ર દ્વારા તૈયારીઓ પણ શરૂ કરવામાં આવી છે. તા. 10 મે થી 15 મે 2026 દરમિયાન અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે. ગણતરીકારો અને સુપરવાઈઝરોને આધુનિક ટેક્નોલોજી આધારિત તાલીમ આપવામાં આવશે, જેમાં મોબાઈલ એપ્લિકેશન અને CMMS પોર્ટલનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરવામાં આવશે અને રિયલ-ટાઈમ મોનિટરિંગ શક્ય બનશે. દેશભરમાં આશરે 100 રાષ્ટ્રીય ટ્રેનર્સ, 2000 માસ્ટર ટ્રેનર્સ અને 44000 ફીલ્ડ ટ્રેનર્સ દ્વારા લાખો ગણતરીકારોને તાલીમ આપવામાં આવશે. આ પ્રક્રિયા માટે બજેટ ફાળવણી કરવાની પણ યોજના છે. રાજ્ય સ્તરે રૂ. 10 લાખ, જિલ્લા અને મહાનગરપાલિકા સ્તરે રૂ. 5 લાખ અને તાલુકા સ્તરે રૂ. 1 લાખ સુધીની જોગવાઈ કરવામાં આવશે. આ રકમ IT સાધનો, વાહનો માટે POL ખર્ચ અને અન્ય જરૂરી કામગીરી માટે ઉપયોગમાં લેવાશે.

દરેક ઘરને ડિજિટલ મેપ પર 'ડીજી ડોટ' તરીકે દર્શાવાશે

આ વસતિ ગણતરીમાં આધુનીક ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ થશે, જેમાં દરેક ઘરને ડિજિટલ મેપ પર 'ડિજી ડોટ' તરીકે દર્શાવવામાં આવશે. આથી આપત્તિના સમયે બચાવ કામગીરીમાં મદદ મળશે, સીમાંકન પ્રક્રિયા વધુ સરળ બનશે અને શહેરી આયોજનમાં પણ સચોટતા આવશે. તે ઉપરાંત, શહેરીકરણ અને સ્થળાંતરના દર અંગે સચોટ માહિતી મળશે.

# હોસ્પિટલના ગેટને તાળું મારી અંદર ગેરકાયદે ગર્ભપાત કરાવતા

સુરત, તા.06

સુરતમાં ગેરકાયદે ગર્ભપરીક્ષણ અને ભ્રૂણ હત્યાનું નેટવર્ક ફરી એકવાર ધમધમતું થયું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સુરતની મમતા હોસ્પિટલના ગેટને તાળું મારીને અંદર ગેરકાયદેસર રીતે ગર્ભપાતનું નેટવર્ક ચલાવવામાં આવતું હતું. આ પાપના ઘડાનો ઘટસ્ફોટ ત્યાં જ કચરા-પોતું કરતી એક મહિલાએ કર્યો, જેના આધારે



સુરત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની ટીમે વરાછા પોલીસને સાથે રાખીને LIVE રેડ પાડીને આ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે, હોસ્પિટલમાં રોજની અંદાજે 2થી 5 જેટલી ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાતની ગેરકાયદે પ્રવૃત્તિઓ થતી હતી. વરાછામાં 6 મહિના પહેલા પણ ગેરકાયદે ગર્ભપરીક્ષણ અને ગર્ભપાતના ગુનામાં ઝડપાઈ ચૂકેલા ફાર્માસિસ્ટ રામગોપાલ ખંડેલવાલે સુધરવાના બદલે ફરીથી એ જ વિસ્તારમાં નવી હોસ્પિટલના નામે મોટો ગોરખધંધો શરૂ કરી દીધો હતો.

સુરત જિલ્લા આરોગ્ય તંત્રને શો-કોઝ નોટિસ, હોસ્પિટલ સીલ

આ મામલે વરાછા પોલીસે ફાર્માસિસ્ટ રામગોપાલ ખંડેલવાલ વિરુદ્ધ પી.સી. એન્ડ પી.એન.ડી. ટી. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અને આરોગ્ય વિભાગે હોસ્પિટલને સીલ મારી દીધું છે. જ્યારે જિલ્લા આરોગ્ય તંત્રની ઘોર બેદરકારીને લઈને ગાંધીનગરથી શો-કોઝની નોટિસ ફટકારીને ખુલાસો માગ્યો છે.

ફાર્માસિસ્ટ ગર્ભપાતના ઓપરેશનો કરતો હતો, આશ્ચર્યની વાત તો એ છે કે, રામગોપાલ પોતે કોઈ ક્વોલિફાઈડ ડોક્ટર નથી, માત્ર ફાર્માસિસ્ટ છે છતાં તે પોતે જ હોસ્પિટલમાં આવતા નિર્દોષ દર્દીઓના ગર્ભપાતના ઓપરેશનો કરતો હતો. આ ગંભીર માહિતીના આધારે આરોગ્ય વિભાગની ટીમે પ્લાનિંગ કરીને હોસ્પિટલ પર ઓચિંતી રેડ કરી હતી.



## ન્યૂઝ ટ્રેક

### ધોરણ 10નું ઐતિહાસિક 83.86% પરિણામ : અમદાવાદ શહેર કરતા ગ્રામ્ય આગળ, વિદ્યાર્થીઓએ ગરબા રમી ઉજવણી કરી

**અમદાવાદ તા.06**

ધોરણ 10ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થતા જ રાજ્યભરના વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર જોવા મળી છે. આ વર્ષે 9 લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાં રાજ્યનું અત્યાર સુધીનું સૌથી ઊંચું 83.86 ટકા પરિણામ નોંધાયું છે. પરિણામમાં આ વર્ષે પણ દીકરીઓએ બાજી મારી છે. અમદાવાદમાં સારા પરિણામને પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓએ એકબીજાનું મોઢું મીઠું કરાવી અને ગરબા રમીને હર્ષોલ્લાસ મનાવ્યો હતો.

અમદાવાદ ગ્રામ્યનું 82.52 ટકા પરિણામ

અમદાવાદ શહેરમાં 46,667 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તો અમદાવાદ ગ્રામ્યમાં 39,361 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ વખતે અમદાવાદ શહેરનું ધોરણ 10નું 79.99 ટકા પરિણામ આવ્યું હતું. અમદાવાદ ગ્રામ્યનું 82.52 ટકા પરિણામ આવ્યું છે. જો કે આ વખતે અમદાવાદ ગ્રામ્યનું પરિણામ ઘટ્યું છે. અમદાવાદ શહેરમાં A1 ગ્રેડ મેળવનાર 1755 વિદ્યાર્થીઓ અને ગ્રામ્યમાં 1780 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો છે.અમદાવાદ શહેરમાં 0 ટકા પરિણામ લાવનાર ત્રણ શાળા, 100 ટકા પરિણામવાળી 28 શાળા, 30 ટકા કરતા ઓછા પરિણામવાળી 19 શાળા હોવાનું સામે આવ્યું છે. તો અમદાવાદ ગ્રામ્યમાં 0 ટકા પરિણામવાળી 1; 100 ટકા પરિણામવાળી 66 અને 30 ટકા કરતા ઓછી પરિણામવાળી 4 શાળા છે.

અમદાવાદ શહેરમાં કયા વિસ્તારનું કેટલુ પરિણામ?

| વિસ્તાર | પરિણામ |
|---|---|
| આશ્રમ રોડ | 81.19% |
| અસારવા | 72.91% |
| એલિસબ્રિજ | 88.16% |
| અમરાઈવાડી | 78.35% |
| બાપુનગર | 76.16% |
| ઘીકાંટા | 74.95% |
| ગોમતીપુર | 71.48% |
| કુબેરનગર | 76.25% |
| મણીનગર | 88.76% |
| નરોડા | 84.69% |
| નારણપુરા | 92.85% |
| સાબરમતી | 80.26% |
| પાલડી | 88.77% |
| કાંકરિયા | 95.76% |
| રખિયાલ | 75.35% |
| ઓઢવ | 77.13% |
| ખોખરા | 84.13% |
| શાહીબાગ | 88.85% |
| વાડજ | 76.91% |

### બાઈક સાથે યુવક ખાડામાં ગરકાવ, ફાયર દ્વારા રેસ્ક્યૂ : વટવા બીબી તળાવ રોડ પર અચાનક મોટો ભૂવો પડ્યો,

**અમદાવાદ, તા.06**

દોરડાથી બાઈક બહાર કાઢી યુવકને સારવારમાં ખસેડ્યો. જો તમે અમદાવાદના રસ્તાઓ પર મુસાફરી કરી રહ્યા હોવ તો સાવધાન રહેજો! કારણ કે શહેરના રસ્તાઓ ક્યારેક 'મોતનો કૂવો' સાબિત થઈ શકે છે. વટવા વિસ્તારમાં બીબી તળાવ પાસે ચાલુ રસ્તે અચાનક એક મોટો ભૂવો પડતા પસાર થઈ રહેલો એક બાઈક સવાર યુવક બાઈક સાથે અંદર ખાબક્યો હતો. સદનસીબે ફાયર બ્રિગેડે સમયસર પહોંચી યુવકને બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યો છે.

શહેરના ટ્રાફિકથી ધમધમતા વટવા બીબી તળાવ રોડ પર 5મી મેની રાત્રે અંકિત યાદવ નામનો યુવક પોતાની બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક જ રસ્તાની જમીન ધસી પડી હતી અને મોટો ભૂવો પડ્યો હતો. અંકિત કંઈ સમજે તે પહેલા જ તે બાઈક સાથે ભૂવામાં ગરકાવ થઈ ગયો હતો. આ દ્રશ્ય જોઈ આસપાસના વાહનચાલકો થંભી ગયા હતા અને લોકોના ટોળે-ટોળા એકઠા થયા હતા.

ફાયર બ્રિગેડે દોરડા વડે રેસ્ક્યૂ કર્યું

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. સ્થાનિકોએ સતર્કતા દાખવીને કોર્પોરેશનના બેરિકેડ્સ ભૂવાની આસપાસ ગોઠવી દીધા હતા, જેથી અન્ય કોઈ અંદર ન પડે. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને ભૂવામાં ફસાયેલા અંકિત યાદવને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. યુવકને ઈજાઓ પહોંચી હોવાથી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યો હતો. ભૂવામાં પડેલી બાઈકને પણ ભારે જહેમત બાદ દોરડા વડે બહાર ખેંચી કાઢી હતી.

27 એપ્રિલે પત્ર લખ્યો હતો છતાં તંત્રએ ધ્યાન ન આપ્યું

આ અકસ્માત પાછળ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોનના ઈજનેર વિભાગની મોટી બેદરકારી સામે આવી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, 27 એપ્રિલના રોજ જ એક જાગૃત નાગરિક દ્વારા ડેપ્યુટી સિટી ઈજનેરને લેખિતમાં પત્ર પાઠવવામાં આવ્યો હતો. જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે, બીબી તળાવ પાસે રસ્તો બેસી રહ્યો છે અને ગમે ત્યારે ભૂવો પડી શકે તેમ છે. જોકે, તંત્રએ આ પત્રને ઘોળીને પી જઈ કોઈ જ મરામત કરી નહોતી.

લોકોમાં રોષ: શું કોઈના મોતના સમાચારની રાહ જોવાતી હતી?

AMCની આ આળસને કારણે આજે એક યુવકનો જીવ જોખમમાં મુકાયો હતો. જો સમયસર પગલાં લેવાયા હોત તો આ દુર્ઘટના ટાળી શકાઈ હોત. હાલમાં આ ભૂવાને કારણે રોડ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે અને સ્થાનિકોમાં કોર્પોરેશન સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

અમદાવાદમાં પોલીસકર્મીને રૂમ ભાડે ન આપતા ઘાંચી ભવનના કર્મીને માર્યો, પોલીસ હોવાના કારણે સમાધાન પણ થઈ ગયું

# વાળ પકડીને 8 ફડાકા માર્યા, દિવાલ સાથે માથું અથડાવ્યું

■ **રૂમ ન હોવાનું કહેતાં ઓફિસમાં પહોંચી રજિસ્ટાર ચેક કર્યું**

**અમદાવાદ, તા.06**

અમદાવાદના ખાનપુરમાં એક પોલીસકર્મીનો દાદાગીરીનો કિસ્સો સામે આવ્યો છે. ગાંધીનગરમાં ફરજ બજાવતા પોલીસકર્મીએ ખાનપુરમાં મુસ્લિમ ઘાંચી ભવનમાં રૂમ ન આપતા ભવનના કર્મચારીને ઢોર મારમાર્યો છે. પોલીસકર્મીએ બિભત્સ ગાળો આપીને કર્મચારીને ગણતરીની સેકન્ડોમાં વાળ પકડીને આઠ ફડાકા મારી દિવલમાં માથું અથડાવ્યું હતું. આ મામલે શાહપુર પોલીસે અરજીના આધારે તપાસ શરૂ કરી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, ખાનપુરમાં આવેલી ગુજરાત સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજના ભવન ખાતે રૂમ માટે ગાંધીનગરમાં પોલીસકર્મી તરીકે ફરજ બજાવતો નવાઝ ગુલામ રસુલ આવ્યો હતો. નવાઝે રૂમની માંગણી કરી હતી, પરંતુ રૂમ ન હોવાથી ત્યાં કામ કરતા કર્મચારી શેખ મોહમદ ફરદીને રૂમ ન હોવાનું જણાવ્યું હતું. આમ છતાં નવાઝ બુકિંગ ઓફિસ પહોંચ્યો હતો, જ્યાં તે જાતે જ રજિસ્ટર ચેક કરવા લાગ્યો હતો.

આ દરમિયાન મોહમદ ફરદીન ત્યાં આવ્યો હતો, જેના પર ઉશ્કેરાઈને નવાઝે ફરદીને માર મારવાનું શરૂ કર્યું હતું. નવાઝ ગાળો બોલીને ફરદીને આડેધડ લાફા મારી રહ્યો હતો. મારામારીના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં નવાઝ દાદાગીરી કરીને પોલીસ નહીં, પરંતુ ગુંડાની જેમ કર્મચારીને ઢોર માર મારી રહ્યો હતો.

આ બનાવ અંગે ફરદીને શાહપુર પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી, પરંતુ પોલીસ દ્વારા હાલ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ ઉપરાંત નવાઝ પોલીસકર્મી હોવાથી સમગ્ર મામલે સમાધાન કરાવવામાં આવશે, તેવી ચર્ચા પણ ચાલી રહી છે. જોકે આ પ્રકારનો બનાવ બનતા પોલીસ જ મોટાભાગના કેસમાં ત્વરિત ફરિયાદ નોંધે છે,



તસ્વીર પ્રતિકાત્મક છે

**રૂમ ન હોવાનું કહેતાં ઓફિસમાં પહોંચી રજિસ્ટાર ચેક કર્યું**

આ અંગેની મળતી માહિતી મુજબ, ખાનપુરમાં આવેલી ગુજરાત સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજના ભવન ખાતે રૂમ માટે ગાંધીનગરમાં પોલીસકર્મી તરીકે ફરજ બજાવતો નવાઝ ગુલામ રસુલ આવ્યો હતો. નવાઝે રૂમની માંગણી કરી હતી, પરંતુ રૂમ ન હોવાથી ત્યાં કામ કરતા કર્મચારી શેખ મોહમદ ફરદીને રૂમ ન હોવાનું જણાવ્યું હતું.

**કર્મચારીને બેફામ ગાળો આપી માર માર્યો**

આ દરમિયાન મોહમદ ફરદીન ત્યાં આવ્યો હતો, જેના પર ઉશ્કેરાઈને નવાઝે ફરદીને માર મારવાનું શરૂ કર્યું હતું. નવાઝ ગાળો બોલીને ફરદીને આડેધડ લાફા મારી રહ્યો હતો. મારામારીના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં નવાઝ દાદાગીરી કરીને પોલીસ નહીં, પરંતુ ગુંડાની જેમ કર્મચારીને ઢોર માર મારી રહ્યો હતો.

## અમદાવાદમાં લુબી કંપનીના 500થી વધારે કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા

### પગાર વધારો કરવા સહિત 8 માંગ મૂકી, મેનેજમેન્ટે યોગ્ય નિર્ણયની ખાતરી આપતા કામદારો ફરી કામે લાગ્યા

**અમદાવાદ તા.06**

અમદાવાદના મેમ્કો વિસ્તારમાં આવેલી લુબી કંપનીના કામદારો હડતાલ પર ઉતર્યા હતા. અમદાવાદના મેમ્કો વિસ્તારમાં આવેલી લુબી કંપનીમાં આજે 500થી વધારે કર્મચારીઓ ઓવરટાઈમ અને પગાર વધારા મુદ્દે હડતાલ પર ઉતરી ગયા હતા. ત્યાર બાદ કંપનીના દરવાજા પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. જેથી એક પણ કર્મચારી બહાર નીકળી શક્યા નહોતા. આ કર્મચારીઓએ પગાર અને કામ સંબંધિત વિવિધ 8 માંગણી કરી હતી. જોકે બાદમાં મેનેજમેન્ટ તરફથી આ માંગો પર યોગ્ય નિર્ણય કરવાની બાહેંધરી મળતા હડતાલ સમેટવામાં આવી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ તમામ કર્મચારીઓની માંગણી છે કે પગાર વધારા મામલે અગાઉ પણ જાણ કરવામાં આવી હતી છતાં પગાર વધારો અને ઓવર ટાઈમ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી. મેનેજમેન્ટ તરફથી



ખાતરી મળ્યા બાદ કર્મચારીઓ ફરી પરત નોકરીએ લાગી ગયા હતા. હડતાળ પર ઉતરેલા કર્મચારીઓએ લેખિતમાં માંગણીઓ કંપનીના મેનેજમેન્ટ પાસે રજૂઆત કરી હતી. પ્રોડક્શન મેનેજર અને જનરલ મેનેજર સમક્ષ પોતાની માંગણીઓ મૂકી હતી. કર્મચારીઓની માંગણી મામલે મેનેજમેન્ટ દ્વારા વિચાર કરવામાં આવશે અને યોગ્ય નિર્ણય લેવામાં આવશે એવી બાહેધરી આપવામાં આવતા કર્મચારીઓ પરત કામ ઉપર જતા રહ્યા હતા. સરકારના ધારા-ધોરણ મુજબ પગાર વધારો ન થતા કામદારોમાં રોષ ફેલાયો હતો.

**પ્રોડક્શન મેનેજર અને જનરલ મેનેજર સમક્ષ માંગણીઓ મૂકી હતી**

મેનેજમેન્ટ તરફથી ખાતરી મળ્યા બાદ કર્મચારીઓ ફરી પરત નોકરીએ લાગી ગયા હતા. હડતાળ પર ઉતરેલા કર્મચારીઓએ લેખિતમાં માંગણીઓ કંપનીના મેનેજમેન્ટ પાસે રજૂઆત કરી હતી. પ્રોડક્શન મેનેજર અને જનરલ મેનેજર સમક્ષ પોતાની માંગણીઓ મૂકી હતી. કર્મચારીઓની માંગણી મામલે મેનેજમેન્ટ દ્વારા વિચાર કરવામાં આવશે અને યોગ્ય નિર્ણય લેવામાં આવશે એવી બાહેધરી આપવામાં આવતા કર્મચારીઓ પરત કામ ઉપર જતા રહ્યા હતા.

## ઉનાળાના 10 દિવસ અમદાવાદીઓને ઓછું પાણી અપાશે, 39 વિસ્તારોને અસર

### નર્મદા કેનાલના પાણીમાં ઘટાડો કરી બોરવેલ ચલાવાશે, નહેરના રિપેરિંગ સમયે લેવલ વધઘટ થતાં જથ્થો ઘટશે

**અમદાવાદ, તા.06**

ઉનાળાના 10 દિવસ દરમિયાન અમદાવાદીઓને ઓછું પાણી આપવામાં આવશે. અમદાવાદીઓને પૂરા પાડવામાં આવતા નર્મદા નહેરના પાણીમાં ઘટાડો કરવામાં આવશે અને બોરવેલ ચલાવવામાં આવશે જેથી પાણીમાં વધઘટ થવાની સંભાવના હોવાના પગલે લોકોને ઓછા પ્રેશરથી અને ઓછું પાણી મળશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગના જણાવ્યા મુજબ સરદાર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા નર્મદા મુખ્ય નહેરમાં પ્રી-મોન્સૂન કામગીરી અંતર્ગત નહેરના આર.સી.સી. લાઈનિંગમાં થયેલા નુકશાનને રીપેરીંગ અને મરામત નિભાવના કાર્ય માટે આગામી 10 દિવસ સુધી નહેરના લેવલમાં જરૂર મુજબ વધઘટ કરવામાં આવશે. જેના પરિણામે કોતરપુર વોટર વર્કસ ખાતે મળતા પાણીના જથ્થામાં ઘટાડો થશે અને કોતરપુર વોટર વર્ક્સ ખાતે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ થશે નહીં. કોતરપુર વોટર વર્ક્સમાંથી પૂરતા પ્રમાણમાં પાણીનું વિતરણ થઈ શકશે નહીં. જેથી શહેરના પશ્ચિમ ઝોન, મધ્ય ઝોન, ઉત્તર ઝોન, પૂર્વ ઝોન અને દક્ષિણ ઝોનના વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં પાણીની અછત સર્જાશે. આ પરિસ્થિતિમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે જરૂર મુજબ બોરવેલ ચલાવી ઉપલબ્ધ પાણીના જથ્થા અનુસાર પાણીનું વિતરણ કરવામાં આવશે.

## અમદાવાદમાં યુવતીને વીડિયો કોલ કરી યુવક કેનાલમાં કૂદ્યો

**અમદાવાદ, તા.06**

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા અને પાંચ મહિના પહેલા ગાંધીનગરના નભોઈ નજીક નર્મદા કેનાલમાં કૂદીને આપઘાત કરી લેનારા યુવકનો શોકિંગ વીડિયો સામે આવ્યો છે.યુવક દ્વારા તેની ગર્લફ્રેન્ડની સંબંધી યુવતી સાથે વીડિયો કોલ પર વાત કરતા કરતા જ કેનાલમાં કૂદી પડ્યો હતો. જે વીડિયો સામે આવ્યો છે. યુવકને આત્મહત્યા માટે મજબૂર કરનાર ગર્લફ્રેન્ડના પિતા સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા આશિષ શાહ નામના યુવકે 5 મહિના પહેલા ગાંધીનગર નજીક આવેલી નભોઈ કેનાલમાં કૂદીને આપઘાત કરી લીધો હતો. જે મામલે મૃતક યુવની ગર્લફ્રેન્ડના પિતા સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આશિષને અમરાઈવાડી વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે પ્રેમસંબંધ હતો. આશિષના મોબાઈલ ફોનની તપાસ કરતા ગર્લફ્રેન્ડના પિતાએ ધમકી આપ્યાના કોલ રેકોર્ડિંગ અને મેસેજ મળી આવ્યા છે. યુવતીના પિતા આશિષને અવારનવાર ફોન પર ધમકી આપતા હોવાના કારણે જ કંટાળીને આત્મહત્યા કરી હતી.

## થલતેજની યુવતીને લગ્નની લાલચ આપી TRB જવાનનું દુષ્કર્મ

### મૈત્રી કરાર કર્યા બાદ પણ લગ્નનો ઈન્કાર કર્યો, વસ્ત્રાપુરની હોટલમાં લઈ જઈ શારીરિક સંબંધ બાંધ્યા હતા

**અમદાવાદ, તા.06**

શહેરના થલતેજમાં રહેતી યુવતીને લગ્નનો વાયદો કરીને ટીઆરબી જવાને શારીરિક સંબંધ બાંધ્યો હતો.યુવતી સાથે મૈત્રી કરાર પણ કર્યો હતો પરંતુ યુવતી સાથે લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો જેથી યુવતીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

થલતેજ વિસ્તારમાં રહેતી યુવતીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં કલ્પેશ બૈસાણે વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. યુવતી નવરંગપુરા ખાતેના એક સલૂનમાં મેનેજર તરીકે કામ કરે છે. ત્રણ વર્ષ પહેલા વાસણા પોલીસ સ્ટેશન ખાતે તેની ઓળખ TRB માં ફરજ બજાવતા કલ્પેશ સાથે થઈ હતી. ત્યારબાદ બંનેએ મોબાઈલ નંબર આપલે કર્યા અને ફોન પર વાતચીત શરૂ થઈ હતી.સમય જતાં બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો.વસ્ત્રાપુર





વિસ્તારની એક હોટલમાં બંને મળ્યા દરમિયાન કલ્પેશે લગ્ન કરવાનો વાયદો આપીને યુવતીની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. બંનેએ મૈત્રી કરાર પણ કર્યો હતો. કલ્પેશ વારંવાર યુવતીને મળવા તેના ઘરે જતો હતો અને ઘણીવાર રાત્રે રોકાતો હતો.છેલ્લા બે મહિનાથી કલ્પેશ લગ્ન કરવાની વાત કરીને ટાળતો રહ્યો હતો. એક અઠવાડિયા પહેલા જ્યારે યુવતીએ લગ્ન અંગે પુછ્યું ત્યારે કલ્પેશે સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો.

## ચોમાસાની કામગીરી પૂર્વે મ્યુ. કમિશનર આકરા પાણીએ

■ **જર્જરીત મકાનોમાં અકસ્માત સર્જાશે તો અધિકારીઓ સામે ગુનો નોંધાશે, વરસાદી પાણીની લાઈનમાં ગેરકાયદે જોડાણ કાપો**

**અમદાવાદ, તા.06**

આગામી ચોમાસાની સિઝન શરૂ થવાની છે, ત્યારે જર્જરીત મકાનો પડવાની ઘટના બનતી હોય છે. મ્યુનિસિપલ કમિશનર બંછાનીધિ પાનીએ અધિકારીઓ સાથેની રીવ્યુ બેઠકમાં કહ્યું હતું કે આ જર્જરિત મકાનોમાં કોઈ પણ અકસ્માત સર્જાશે અને તેમાં કોઈનો જીવ જશે, તો સંબંધિત અધિકારીઓ સામે ગુનાહિત બેદરકારી હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે. પ્રી મોન્સૂનની કામગીરી અંતર્ગત વરસાદી પાણીની લાઈનમાં કરવામાં આવેલા ગેરકાયદેસર જોડાણોને પણ દૂર કરવા માટે કમિશનરે સૂચના આપી હતી.

જર્જરિત ક્વાર્ટર્સના મુદ્દે કમિશનરે ચીમકી આપી

વિકલી રીવ્યુ બેઠકમાં કમિશનરે શહેરમાં આવેલા જર્જરિત ક્વાર્ટર્સના મુદ્દે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી. તેમણે જણાવ્યું કે, જો આ જર્જરિત મકાનોમાં કોઈ પણ અકસ્માત સર્જાશે અને તેમાં કોઈનો જીવ જશે, તો સંબંધિત અધિકારીઓ સામે ક્રિમિનલ ઓફેન્સ હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે. કોર્પોરેશન દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા અને ભાડાની જાહેરાત છતાં લોકો ખસવા તૈયાર નથી, ત્યારે આ મામલે અધિકારીઓને વધુ સક્રિય બનીને કામગીરી કરવા તાકીદ કરવામાં આવી છે.

## ગુજરાત હાઈકોર્ટનો સ્ટેટ્સ કવો જાળવવા હુકમ : બોટાદના નાગલપર અને ઢીંકણીયાના ગામમાં રહેવાસીઓ વચ્ચે તળાવને લઈને મતભેદ

**અમદાવાદ, તા.06**

ગુજરાત હાઈકોર્ટમાં બોટાદથી 41 ખેડૂતો દ્વારા જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં રજૂઆત કરાઈ હતી કે બોટાદ જિલ્લાના નાગલપર ગામમાં વર્ષ 1970માં ખેડૂતો અને પંચાયતના સહયોગથી પાણીની અછત દૂર કરવા માટે માટીનો પાળો બનાવીને એક તળાવ બનાવવામાં આવ્યું હતું.

આ તળાવ સિંચાઈ માટે મહત્વનું હોવાથી, સરકારની સૌની યોજના હેઠળ નર્મદાના પાણીથી તેને ભરવા માટે વાલ્વ પણ મૂકવામાં આવ્યો હતો. વર્ષ 2026માં નર્મદા અને સિંચાઈ વિભાગ દ્વારા આશરે 3 લાખના ખર્ચે આ માટીનો પાળો હટાવવાનો આદેશ આપ્યો છે. ખેડૂતોને ડર છે કે જો આ પાળો હટાવવામાં આવશે, તો વરસાદી પાણી તળાવમાં જમા થવાને બદલે વહી જશે અને તળાવ સુકાઈ જશે. પડોશી ગામ ઢીંકણીયાના કેટલાક ખેડૂતો આ તળાવ હટાવવાની માંગ કરી રહ્યા છે, કારણ કે તળાવ ઓવર ફ્લો થતા તેમની જમીનોને નુકશાન થાય છે. જ્યારે નાગલપરના ખેડૂતો અને ગ્રામ પંચાયતે આ તળાવ જાળવી રાખવા ઓથોરિટી સમક્ષ રજૂઆતો કરી છે. આજે ગુજરાત હાઈકોર્ટને જણાવ્યું હતું કે, વર્તમાનમાં આ કાર્ય રોકી દેવામાં આવ્યું છે. કાર્ય ફક્ત તળાવની ઊંચાઈ ઘટાડવા કરાઈ રહ્યું હતું. જેથી ગુજરાત હાઈકોર્ટે સ્ટેટસ કેવો જાળવી રાખવા માટે હુકમ કર્યો છે. વધુમાં પક્ષકાર તરીકે બોટાદ જિલ્લા કલેક્ટરને જોડવા હુકમ કર્યો છે. આ અંગે વધુ સુનવણી 16 જૂને યોજાશે.

## ગીર પંથકમાં મિની વાવાઝોડા સાથે વરસાદ, વૃક્ષ પડતા રોડ બંધ : રાજકોટ, અમરેલી, કચ્છ સહિત 6 જિલ્લામાં ગાજવીજ સાથે માવઠાની આગાહી

**દાહોદ, તા.06**

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી 7 દિવસ માટે વરસાદની નવી આગાહી જાહેર કરવામાં આવી છે. ગઈકાલે એટલે કે, 5 મેના અમદાવાદ, કચ્છ, અમરેલી, ગીર સોમનાથ, મહિસાગર, દાહોદ સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદી ખાબક્યો હતો. ખાસ કરીને અમદાવાદમાં સાંજ પછી ભારે પવન અને આંધી સાથે અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. તો વાવાઝોડાના કારણે વૃક્ષો પણ તૂટી પડ્યાં હતાં. આજે પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવને કારણે રાજ્યના ઉત્તર ગુજરાતના પાંચ અને સૌરાષ્ટ્રના ચાર જિલ્લામાં ભારે પવન સાથે માવઠાની આગાહી છે. આજે ગરમીમાં ઘટાડો થશે, પરંતુ ઉકળાટનો અહેસાસ યથાવત્ રહેશે. સાથે જ પવનની ગતિ 40થી 45 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેના કારણે હવામાનમાં અચાનક બદલાવ જોવા મળી શકે છે. જે પ્રમાણે છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યમાં ગરમીનો પારો 40Cને પાર પહોંચ્યો હતો, તે પ્રમાણે હવે રાજ્યના લોકોને ગરમીથી થોડીક રાહત પણ મળી રહેશે. ગીર સોમનાથના ગીર ગઢડા અને ઊના તાલુકાના ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. ગીર ગઢડાના હરમડીયા, પૂછવી, એભલવડ, ધોકડવા, બેડીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ક્યાંક ધોધમાર તો ક્યાંક સામાન્ય વરસાદ વરસી રહ્યો છે. કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે કેસર કેરી પકવતા ખેડૂતોને ભારે નુકસાન જવાની આશંકા છે. ઉનાના ઉમેજ, પાતાપુર, ભાચા સહિતના ગામોમાં પણ કમોસમી આફત વરસવાનું શરૂ થયું છે. ખેતરમાં રહેલા તૈયાર પાકને લઈને ખેડૂતોના જીવ તાળવે ચોંટીયા છે. તો કંસારી રોડ પર વૃક્ષ ધરાશાય થતાં વાહનો થંભી ગયા હતાં. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આજે (6 મે) ગાજવીજ સાથે કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાઓમાં વરસાદની સંભાવના વધુ છે. અમદાવાદ શહેરમાં આજે આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી છે, જેના કારણે ગરમીમાં થોડી રાહત મળી શકે છે. આગામી 24 કલાક દરમિયાન રાજ્યના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી શકે છે. હાલમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય બન્યા છે, જેના કારણે વાતાવરણમાં અસ્થિરતા વધી રહી છે. સાથે સાથે બે અલગ-અલગ સિસ્ટમ અને ભેજભર્યા પવનના પ્રભાવને કારણે વરસાદી માહોલ સર્જાયો છે. 7થી 12 મે વચ્ચે વાતારવણ શુષ્ક રહેશે.

**બે વરસાદી સિસ્ટમ અને ભેજભર્યા પવનના પ્રભાવથી વરસાદી માહોલ**

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આજે (6 મે) ગાજવીજ સાથે કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાઓમાં વરસાદની સંભાવના વધુ છે. અમદાવાદ શહેરમાં આજે આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી છે, જેના કારણે ગરમીમાં થોડી રાહત મળી શકે છે. આગામી 24 કલાક દરમિયાન રાજ્યના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી શકે છે. હાલમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય બન્યા છે, જેના કારણે વાતાવરણમાં અસ્થિરતા વધી રહી છે. સાથે સાથે બે અલગ-અલગ સિસ્ટમ અને ભેજભર્યા પવનના પ્રભાવને કારણે વરસાદી માહોલ સર્જાયો છે. 7થી 12 મે વચ્ચે વાતારવણ શુષ્ક રહેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# કંગાળ પાકિસ્તાને 50 વર્ષ પછી ફરી દારૂ વેચવાનું શરૂ કર્યું : બિન-મુસ્લિમ દેશોને સપ્લાય કરશે

■ પહેલાં ઈસ્લામિક નિયમોનો હવાલો આપીને પ્રતિબંધ મૂક્યો હતો



**ઈસ્લામાબાદ, તા.06**

દેવાથી ઝઝૂમી રહેલા પાકિસ્તાને 50 વર્ષ પછી ફરીથી અન્ય દેશોને દારૂ વેચવાનું શરૂ કર્યું છે. દેશની એકમાત્ર સ્થાનિક કંપની મરી બ્રુઅરીએ એપ્રિલ 2026માં બ્રિટન, જાપાન, પોર્ટુગલ અને થાઈલેન્ડ જેવા દેશોને બિયર અને અન્ય આલ્કોહોલિક ડ્રિંક્સની નિકાસ કરી છે. કંપનીના એક્સપોર્ટ મેનેજર રમીઝ શાહના જણાવ્યા અનુસાર, હાલમાં શરૂઆતમાં વિદેશોમાં નેટવર્ક બનાવવામાં આવી રહ્યું છે અને ભવિષ્યમાં ઉત્પાદન વધારવાની યોજના છે. પાકિસ્તાનમાં મુસ્લિમ વસ્તી માટે લગભગ 50 વર્ષ પહેલાં ઈસ્લામિક નિયમોનો હવાલો આપીને દારૂ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પછી દારૂની નિકાસ પણ બંધ થઈ ગઈ હતી. જોકે, પાકિસ્તાનમાં બિન-મુસ્લિમો માટે કેટલીક છૂટ હતી. પાકિસ્તાન સરકારે 2025માં દારૂની નિકાસની મંજૂરી આપી હતી, જે પછી હવે તે દેશોમાં સપ્લાય શરૂ કરવામાં આવી છે જે ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) નો ભાગ નથી.

પાકિસ્તાન પર 138 અબજ ડોલરનું વિદેશી દેવું

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાની સરકારની કમાણી અને ખર્ચ વચ્ચે મોટો તફાવત છે. નાણાકીય વર્ષ 2026માં સરકારની વાસ્તવિક આવક લગભગ 11,072 અબજ પાકિસ્તાની રૂપિયા (40 અબજ ડોલર) છે, જ્યારે ખર્ચ 16,286 અબજ રૂપિયા (58 અબજ ડોલર) સુધી પહોંચી ગયો છે. તેમાંથી લગભગ 8,200 અબજ રૂપિયા (30 અબજ ડોલર) માત્ર દેવાના વ્યાજ ચૂકવવામાં ખર્ચ થઈ રહ્યા છે. પાકિસ્તાન પર હાલમાં લગભગ 38,640 અબજ પાકિસ્તાની રૂપિયા (138 અબજ ડોલર)નું બાહ્ય દેવું છે. તેમાં સરકારી દેવા ઉપરાંત ખાનગી ક્ષેત્ર, બેંકો અને કંપનીઓની જવાબદારીઓ પણ સામેલ છે. તેમાંથી લગભગ 25,760 અબજ પાકિસ્તાની રૂપિયા (92 અબજ ડોલર) સરકારી દેવું છે.

પહેલા નોન-આલ્કોહોલિક પ્રોડક્ટ્સ જ વેચી રહી હતી મરી બ્રુઅરી

છેલ્લા ઘણા વર્ષોથી મરી બ્રુઅરી માત્ર નોન-આલ્કોહોલિક ડ્રિંક્સની નિકાસ કરી રહી હતી. તેમાં પેકેજ્ડ જ્યુસ, મિનરલ વોટર અને ફ્રુટ ફ્લેવરવાળા ડ્રિંક્સનો સમાવેશ થાય છે. છેલ્લા નાણાકીય વર્ષમાં કંપનીની કમાણી 100 મિલિયન ડોલર (28 અબજ PKR) રહી હતી. કંપનીના CEO ઈસ્ફાનયાર ભંડારાએ નિકાસ લાઈસન્સ માટે પ્રયાસ કર્યો હતો. 2021માં પાકિસ્તાને બલુચિસ્તાનમાં એક ચીની કંપનીને પણ દારૂ બનાવવાની પરવાનગી આપી હતી, જેથી ત્યાં કામ કરી રહેલા ચીની નાગરિકોની જરૂરિયાતો પૂરી થઈ શકે. પ્રતિબંધ પહેલાં મરી બ્રુઅરી ભારત, અફઘાનિસ્તાન અને અમેરિકા જેવા દેશોમાં દારૂની નિકાસ કરતી હતી. હવે ફરી એકવાર કંપની વિદેશી બજારમાં પોતાની પકડ બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

ભુટ્ટોએ દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો

એપ્રિલ 1977માં પાકિસ્તાનના તત્કાલીન પીએમ ઝુલ્ફિકાર અલી ભુટ્ટોએ દેશમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. તે સમયે ભુટ્ટો સરકાર વિરુદ્ધ એક મોટું અને હિંસક વિરોધ આંદોલન ચાલી રહ્યું હતું. ભુટ્ટો પર 1977ની ચૂંટણીમાં ગેરરીતિ કરવા ઉપરાંત 'પશ્ચિમી જીવનશૈલી' અપનાવવા જેવા આરોપો લાગી રહ્યા હતા. જ્યારે ભુટ્ટોએ આ વિપક્ષી નેતાઓ સાથે વાતચીત શરૂ કરી, ત્યારે તેમની કેટલીક માંગણીઓ હતી. જેમ કે નાઈટ ક્લબ અને બાર બંધ કરવામાં આવે અને દારૂનું વેચાણ સંપૂર્ણપણે રોકવામાં આવે. આ જ દબાણમાં ભુટ્ટો સરકારે કરાચીમાં બનનારા એક મોટા કેસિનોની યોજના પણ રદ કરી દીધી. આ કેસિનો મે 1977માં શરૂ થવાનો હતો. આ કેસિનો એક વેપારી તુફૈલ શેખ બનાવી રહ્યા હતા, જેમના જૂના સૈન્ય શાસક અયુબ ખાન અને બાદમાં ભુટ્ટો સરકાર સાથે સારા સંબંધો હતા. શેખ પહેલાથી જ કરાચીના સદર વિસ્તારમાં હોટલ અને નાઈટ ક્લબ ચલાવતા હતા અને તેમને આશા હતી કે નવા કેસિનોથી ખાડી દેશો અને યુરોપમાંથી ઘણા પ્રવાસીઓ પાકિસ્તાન આવશે. જ્યારે ભુટ્ટોએ દારૂ અને નાઈટ ક્લબ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો, ત્યારે શેખ ચિંતિત થઈ ગયા. પરંતુ ભુટ્ટોએ તેમને ખાતરી આપી કે આ ફક્ત થોડા સમય માટે છે અને પરિસ્થિતિ સુધરતા જ તેને સમાપ્ત કરી દેવામાં આવશે.

ઝિયા ઉલ હકે વધુ કડક કાયદા બનાવ્યા

કાગળ પર ભલે બાર અને દારૂની દુકાનો બંધ થઈ ગઈ હતી, પરંતુ હોટલો અને દુકાનોના પાછળના રસ્તાઓથી દારૂ સરળતાથી મળી રહ્યો હતો. પરંતુ ભુટ્ટો લાંબા સમય સુધી સત્તામાં રહી શક્યા નહીં. જુલાઈ 1977માં એક સૈન્ય શાસક ઝિયા ઉલ હકે તેમની સરકાર પાડી દીધી.

# રિપોર્ટ- ઈરાન યુદ્ધ 48 કલાકમાં સમાપ્ત થઈ શકે છે

## 14 શરતોનો કરાર તૈયાર, અમેરિકા ઈરાની સંપત્તિ પરત કરશે; ઈરાન હોર્મુઝ ખોલશે અને પરમાણુ કાર્યક્રમ રોકશે



**અમેરિકા, તા.06**

અમેરિકા અને ઈરાન યુદ્ધ સમાપ્ત કરવા અને પરમાણુ વાટાઘાટોનો માર્ગ નક્કી કરવાના ખૂબ નજીક પહોંચી ગયા છે. અમેરિકી વેબસાઈટ એક્સિયોસના રિપોર્ટ અનુસાર, ઈરાન 48 કલાકની અંદર યુદ્ધવિરામ અંગે સહમતિ આપી શકે છે. બંને દેશો વચ્ચે 14 મુદ્દાનો કરાર (MOU) તૈયાર છે. જોકે, હજુ સુધી તે અંતિમ નથી થયો, પરંતુ વાતચીત પહેલા કરતા ઘણી આગળ વધી ચૂકી છે.

કરારની મહત્વપૂર્ણ શરતો જાણો

સૌથી પહેલા યુદ્ધ સમાપ્ત કરવાની ઘોષણા થશે

30 દિવસ સુધી બંને દેશો વચ્ચે વિસ્તૃત વાતચીત થશે

તેમાં હોર્મુઝ, પરમાણુ કાર્યક્રમ, અમેરિકી પ્રતિબંધોમાં છૂટછાટ જેવા મુદ્દાઓ હશે

બંને દેશો વચ્ચે વાતચીત માટે ઈસ્લામાબાદ અથવા જિનીવા જેવા શહેરો પર વિચારણા થઈ રહી છે. ડ્રાફ્ટ અનુસાર, ઈરાન ન્યુક્લિયર પ્રોગ્રામને થોડા સમય માટે રોકી શકે છે. બદલામાં અમેરિકા ધીમે ધીમે પ્રતિબંધો ઘટાડશે અને ઈરાનના જપ્ત કરાયેલા અબજો ડોલર જાહેર કરી શકે છે. સાથે જ, હોર્મુઝમાં બંને તરફથી લગાવવામાં આવેલી પ્રતિબંધોમાં પણ છૂટછાટ આપવામાં આવશે.

જોકે, સૌથી મોટો વિવાદ ન્યુક્લિયર પ્રોગ્રામ રોકવાની અવધિને લઈને છે. ઈરાને 5 વર્ષનો પ્રસ્તાવ આપ્યો છે, જ્યારે અમેરિકા 20 વર્ષ ઈચ્છતું હતું. હવે વચ્ચેનો રસ્તો કાઢવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જેમાં 12 થી 15 વર્ષ સુધીની અવધિ પર વાત ચાલી રહી છે.

તેહરાનમાં રસ્તા પર પૂર્વ સુપ્રીમ લીડર અલી ખામેનીની તસવીરવાળા બિલબોર્ડ લગાવવામાં આવ્યા છે.

તેહરાનમાં રસ્તા પર પૂર્વ સુપ્રીમ લીડર અલી ખામેનીની તસવીરવાળા બિલબોર્ડ લગાવવામાં આવ્યા છે.

છેલ્લા 24 કલાકના 5 મોટા અપડેટ્સ

1. હોર્મુઝ પર UNમાં નવો પ્રસ્તાવ: અમેરિકાએ હોર્મુઝમાં જહાજોની અવરજવર ફરી શરૂ કરવા માટે UNSCમાં નવો પ્રસ્તાવ રજૂ કર્યો છે. તેમાં ઈરાનને હુમલા, માઈન્સ બિછાવવા અને ટોલ વસૂલી તરત રોકવા જણાવ્યું છે.

2. UAE પર ફરી હુમલો: ઈરાને UAE પર સતત બીજા દિવસે મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કર્યો. UAE એ કહ્યું કે તેની ડિફેન્સ સિસ્ટમે મિસાઈલ અને ડ્રોનને આકાશમાં જ રોકી લીધા.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં વિયેતનામના રાષ્ટ્રપતિ તો લામના ઔપચારિક સ્વાગત દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મધ્યમાં.

# ભારતીય પત્રકાર આનંદ અને સુપર્ણાને પુલિત્ઝર પ્રાઈઝ

## ઈલસ્ટ્રેશન અને દમદાર કોમેન્ટ્રીથી જણાવી હતી ડિજિટલ અરેસ્ટ-સાયબર ફ્રોડની ભયાનકતા

**જોધપુર, તા.06**

બે ભારતીય પત્રકારોએ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ મજબૂત કરી છે. આનંદ આરકે અને સુપર્ણા શર્માએ સાયબર અપરાધને ઉજાગર કરતી મહત્વપૂર્ણ તપાસ રિપોર્ટિંગ માટે પ્રતિષ્ઠિત પુલિત્ઝર પુરસ્કાર જીત્યો છે. તેમને આ સન્માન નતાલી ઓબિકો પિયર્સન સાથે ઈલસ્ટ્રેટેડ રિપોર્ટિંગ અને કોમેન્ટરી શ્રેણીમાં આપવામાં આવ્યું. 'પત્રકારત્વના નોબેલ' તરીકે જાણીતો આ પુરસ્કાર તેમને બ્લૂમબર્ગ માટે તૈયાર કરાયેલી વિશેષ રિપોર્ટ 'ટ્રેપ્ડ' માટે મળ્યો. જાણો આ ઈન્વેસ્ટિગેટિવ રિપોર્ટ અને બંનેની સિદ્ધિઓ વિશે...





આ પત્રકાર જોડી દ્વારા બનાવાયેલી રિપોર્ટ 'ટ્રેપ્ડ' લખનઉના ન્યુરોલોજિસ્ટ રુચિરા ટંડન સાથે બનેલી સાચી ઘટના દ્વારા 'ડિજિટલ અરેસ્ટ'ના ભયાનક તંત્રને ઉજાગર કરે છે. આનંદના પ્રભાવશાળી ચિત્રણ અને સુપર્ણાની ઊંડાણપૂર્વકની પત્રકારત્વનો આ અનોખો સુમેળ દર્શાવે છે કે કેવી રીતે સાયબર અપરાધીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોઈ વ્યક્તિને માનસિક રીતે બંધક બનાવી લે છે. આ સ્ટોરી માત્ર વ્યક્તિગત દુર્ઘટના નથી, પરંતુ દેખરેખ પ્રણાલીના દુરુપયોગ અને વૈશ્વિક સ્તરે વધતા સંગઠિત ડિજિટલ કૌભાંડોની એક ગંભીર ચેતવણી પણ છે. મુંબઈમાં રહેતા આનંદ ઈલસ્ટ્રેટર અને વિઝ્યુઅલ આર્ટિસ્ટ છે. તેમણે 2021માં ઈમેજ કોમિક્સ દ્વારા પ્રકાશિત ગ્રાફિક નવલકથા 'બ્લુ ઈન ગ્રીન' માટે કલરિસ્ટ જ્હોન પીયર્સન સાથે 'બેસ્ટ પેઈન્ટર/મલ્ટીમીડિયા આર્ટિસ્ટ'નો આઈઝનર પુરસ્કાર પણ જીત્યો હતો. સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટમાંથી સ્નાતક આનંદે ડાર્ક હોર્સ કોમિક્સની 'ગ્રેફિટીઝ વૉલ', વૉલ્ટની 'રેડિયો એપોકેલિપ્સ' અને ડીસી કોમિક્સની 'રેઝરેક્શન મેન' જેવી કૃતિઓનું ચિત્રણ કર્યું છે. તેમણે બૂમ! સ્ટુડિયોઝ, 2000 એડી, ટાઈની અનિયન અને ઈમેજ કોમિક્સ જેવા પ્રકાશકો માટે કવર આર્ટ બનાવ્યું છે. તેમણે હ્યુન્ડાઈ, ભારતીય નૌકાદળ, ઈમેજિન-એફએક્સ મેગેઝિન અને હેવી મેટલ મેગેઝિન જેવા ક્લાયન્ટ્સ સાથે પણ કામ કર્યું છે.

# ઈટાલીના પીએમની અશ્લીલ ડીપફેક તસવીર વાયરલ

## મેલોની બોલ્યા- આ કોઈની પણ સાથે થઈ શકે છે, ડીપફેક એક ખતરનાક વસ્તુ છે



**ઇટાલી , તા.06**

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પોતાની અશ્લીલ ડીપફેક તસવીર પર વાંધો ઉઠાવ્યો છે. તેમણે આ તસવીર શેર કરતા લખ્યું કે, આ દિવસોમાં મારી ઘણી નકલી તસવીરો ફેલાઈ રહી છે, જેને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી બનાવવામાં આવી છે અને કેટલાક લોકો તેને અસલી ગણાવીને શેર કરી રહ્યા છે.

મેલોનીએ કહ્યું, 'મારે સ્વીકારવું પડશે કે જેણે આ તસવીરો બનાવી છે, તેણે કેટલાક કિસ્સાઓમાં મને વધુ સારી બતાવી છે. પરંતુ અસલી વાત એ છે કે હવે લોકો કોઈના પર હુમલો કરવા અને જૂઠ ફેલાવવા માટે કંઈ પણ કરવા લાગ્યા છે.' તેમણે કહ્યું કે આ ફક્ત મારા વિશે નથી. ડીપફેક એક ખતરનાક વસ્તુ છે, કારણ કે તે લોકોને છેતરી શકે છે, તેમને ગેરમાર્ગે દોરી શકે છે અને કોઈને પણ નિશાન બનાવી શકે છે. હું તો પોતાનો બચાવ કરી શકું છું, પરંતુ ઘણા લોકો આવું કરી શકતા નથી. મેલોનીએ લોકોને કહ્યું કે એક વાત હંમેશા યાદ રાખવી જોઈએ: પહેલા તપાસ કરો, પછી ભરોસો કરો અને ભરોસો કર્યા પછી જ શેર કરો કારણ કે આજે આ મારી સાથે થઈ રહ્યું છે, કાલે આ કોઈની પણ સાથે થઈ શકે છે. હું તો પોતાનો બચાવ કરી શકું છું, પરંતુ ઘણા લોકો આવું કરી શકતા નથી. મેલોનીએ લોકોને કહ્યું કે એક વાત હંમેશા યાદ રાખવી જોઈએ: પહેલા તપાસ કરો, પછી ભરોસો કરો અને ભરોસો કર્યા પછી જ શેર કરો કારણ કે આજે આ મારી સાથે થઈ રહ્યું છે, કાલે આ કોઈની પણ સાથે થઈ શકે છે.

# બંગાળમાં BJP જીતી તો બાંગ્લાદેશમાં સત્તાધારી પાર્ટી ખુશ

## કહ્યું- સંબંધો મજબૂત થશે, મમતા બેનર્જીના કારણે તીસ્તા નદી કરાર થઈ શક્યો નથી

**ઢાકા, તા.06**

બાંગ્લાદેશની સત્તાધારી પાર્ટી BNPએ પશ્ચિમ બંગાળમાં BJP ની જીત પર ખુશી વ્યક્ત કરી છે. ન્યૂઝ એજન્સી ANI સાથે વાત કરતા BNP ના સૂચના સચિવ અઝીઝુલ બારી હેલાલે BJP ને જીતની શુભેચ્છા પાઠવી અને કહ્યું કે આનાથી ભારત-બાંગ્લાદેશ સંબંધો મજબૂત થઈ શકે છે. તેમણે મમતા બેનર્જી સરકાર પર તીસ્તા જળ વહેંચણી કરારમાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તે તેમાં સૌથી મોટી અડચણ હતી. તેમણે દાવો કર્યો કે આ કરાર બાંગ્લાદેશ સરકાર અને મોદી સરકાર બંને જ ઈચ્છતા હતા. હેલાલે આશા વ્યક્ત કરી કે સુવેન્દુ અધિકારીના નેતૃત્વમાં બનેલી સરકાર ભારત અને બાંગ્લાદેશના સંબંધોને સુધારશે અને તીસ્તા કરારને આગળ વધારવામાં મદદ કરશે. તેમણે કહ્યું કે ભારતના રાજ્યોમાં બાંગ્લાદેશ સાથે સૌથી લાંબી સરહદ પશ્ચિમ બંગાળની જ લાગે છે. તેથી ત્યાંની રાજનીતિની અસર સીધી બંનેના સંબંધો પર પડે છે. ત્યાં સત્તા બદલવી બંને દેશો માટે સારી છે. આનાથી બંને દેશો વચ્ચે સરહદી મુદ્દાઓ પર પણ સુધારો થઈ શકે છે.

તીસ્તા નદીનું 50% પાણી બાંગ્લાદેશ ઈચ્છે છે

તીસ્તા નદી હિમાલયના પાહુનરી ગ્લેશિયરમાંથી નીકળે છે. તે સિક્કિમથી પશ્ચિમ બંગાળ થઈને બાંગ્લાદેશ જાય છે અને પછી બ્રહ્મપુત્રામાં ભળી જાય છે. આ નદી કુલ 414 કિલોમીટરનો રસ્તો કાપે છે. આ નદી સાથે બાંગ્લાદેશના 2 કરોડ અને ભારતના 1 કરોડ લોકોનું જીવન નિર્વાહ જોડાયેલું છે. આ લાંબી યાત્રા દરમિયાન તીસ્તા નદીની 83% યાત્રા ભારતમાં અને 17% યાત્રા બાંગ્લાદેશમાં થાય છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તીસ્તા નદીના પાણીની વહેંચણીને લઈને ઘણા વર્ષોથી વિવાદ છે. બાંગ્લાદેશ તિસ્તાના 50 ટકા પાણી પર અધિકાર માંગે છે. જ્યારે ભારત પોતે 55 ટકા પાણી માંગે છે. જાણકારોના મતે જો તિસ્તા નદી જળ કરાર થાય તો પશ્ચિમ બંગાળ નદીના પાણીનો મનમુજબ ઉપયોગ કરી શકશે નહીં. આ જ કારણ છે કે મમતા બેનર્જી તેને ટાળતી રહી.

લાંબા સમયથી અટકેલો છે જળ વિતરણ કરાર

1815માં નેપાળના રાજા અને ઈસ્ટ ઈન્ડિયા કંપની વચ્ચે તિસ્તા નદીના પાણીને લઈને કરાર થયો હતો. ત્યારે રાજાએ નદીના મોટા ભાગનો નિયંત્રણ અંગ્રેજોને સોંપી દીધો. બાંગ્લાદેશ આઝાદ થયાના 12 વર્ષ પછી 1983માં બંને દેશો વચ્ચે વચગાળાનો કરાર થયો.

આમાં બાંગ્લાદેશને 36% અને ભારતને 39% પાણી આપવાની વાત હતી, જ્યારે 25% હિસ્સા પર પછીથી નિર્ણય લેવાનો હતો. પરંતુ આ કરાર પણ સંપૂર્ણપણે લાગુ થઈ શક્યો નહીં. પછીથી બાંગ્લાદેશે કહેવાનું શરૂ કર્યું કે તેને જેટલું પાણી મળી રહ્યું છે, તે તેની જરૂરિયાત મુજબ ઓછું છે. દુષ્કાળમાં તેને આટલા પાણીથી ચલાવી શકાતું નથી.



વર્ષ 2008માં શેખ હસીના વડાપ્રધાન બન્યા પછી બાંગ્લાદેશની માંગ તેજ થવા લાગી. 2011માં જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે ભારત, તીસ્તા નદી જળ કરાર પર હસ્તાક્ષર કરવા તૈયાર થઈ ગયું હતું. આમાં બાંગ્લાદેશને 37.5% અને ભારતને 42.5% પાણી આપવાની વાત હતી. બાકીના 20% કોઈ દેશને આપવા માટે નક્કી નહોતા. તેને 'અનએલોકેટેડ' અથવા રિઝર્વ પાણી માનવામાં આવ્યું હતું. આ હિસ્સો નદીના કુદરતી પ્રવાહ, પર્યાવરણ અને જરૂરિયાત મુજબ છોડવામાં આવે છે, જેથી નદી સુકાઈ ન જાય અને ઈકોસિસ્ટમ જળવાઈ રહે. જોકે, ત્યારે મમતા બેનર્જીની નારાજગીને કારણે મનમોહન સરકારને પોતાના પગલાં પાછા ખેંચવા પડ્યા હતા.

વર્ષ 2014માં જ્યારે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા. એક વર્ષ પછી તેઓ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે બાંગ્લાદેશ ગયા. આ દરમિયાન બંને નેતાઓએ બાંગ્લાદેશને તીસ્તાના વિભાજન પર સહમતિની ખાતરી આપી હતી. પરંતુ 11 વર્ષ વીતી ગયા હોવા છતાં, તીસ્તા નદી જળ કરારનો ઉકેલ હજુ સુધી શોધી શકાયો નથી.

મમતા સરકાર આ કરારનો વિરોધ શા માટે કરતી રહી છે?

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સતત તીસ્તા અને ફરક્કા જળ વિભાજન કરારોનો વિરોધ કરતા રહ્યા છે. તેમના મતે, તેની સીધી અસર રાજ્યના લોકોની આજીવિકા પર પડશે.

તેમનો તર્ક છે કે તીસ્તા નદીમાં પાણીનો પ્રવાહ પહેલેથી જ ઓછો થઈ ગયો છે, આવી સ્થિતિમાં, જો બાંગ્લાદેશ સાથે વધારાનું પાણી વહેંચવામાં આવે તો ઉત્તર બંગાળમાં સિંચાઈ અને પીવાના પાણીની કટોકટી વધુ ઘેરી બની શકે છે. આ ઉપરાંત, ફરક્કા બેરેજમાંથી પાણી વાળવું કોલકાતા બંદરની જહાજવહન ક્ષમતા જાળવી રાખવા માટે જરૂરી માનવામાં આવે છે.

મમતા સરકારનું એમ પણ કહેવું હતું કે આવા સંવેદનશીલ નિર્ણયોમાં રાજ્ય સરકારને વિશ્વાસમાં લીધા વિના કોઈ સમજૂતી થવી ન જોઈએ, કારણ કે સૌથી વધુ અસર સ્થાનિક લોકો પર જ પડે છે.

વડાપ્રધાન મોદી, બાંગ્લાદેશી પીએમ શેખ હસીના અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની આ તસવીર 2016ની છે. ત્રણેય શાંતિ નિકેતનમાં એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા.

વડાપ્રધાન મોદી, બાંગ્લાદેશી પીએમ શેખ હસીના અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની આ તસવીર 2016ની છે. ત્રણેય શાંતિ નિકેતનમાં એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા.

ભારત-બાંગ્લાદેશમાં માત્ર 2 નદીઓ પર સમજૂતી થઈ

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે લગભગ 54 સહિયારી નદીઓ છે. પરંતુ અત્યાર સુધી માત્ર બે મોટી નદીઓ પર જ ઔપચારિક કરારો થઈ શક્યા છે. પહેલો ગંગા નદી પર 1996માં થયેલો કરાર અને બીજો કુશિયારા નદી પરનો તાજેતરનો કરાર.

**1** લાંબા સમયથી અટકેલો છે જળ વિતરણ કરાર

**2** 1815માં નેપાળના રાજા અને ઈસ્ટ ઈન્ડિયા કંપની વચ્ચે તિસ્તા નદીના પાણીને લઈને કરાર થયો હતો. ત્યારે રાજાએ નદીના મોટા ભાગનો નિયંત્રણ અંગ્રેજોને સોંપી દીધો

**3** બાંગ્લાદેશ આઝાદ થયાના 12 વર્ષ પછી 1983માં બંને દેશો વચ્ચે વચગાળાનો કરાર થયો

## તંત્રી લેખ

# થલાપતિ વિજયનું CM બનવાનું નક્કી, માત્ર 11 ડગલાં દૂર:કોંગ્રેસના 5 ધારાસભ્ય તૈયાર

તમિલનાડુમાં થલાપતિ વિજયની પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (TVK) 108 બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બની, પરંતુ હજુ પણ બહુમતીથી દૂર છે. સરકાર બનાવવા માટે 118 ધારાસભ્યોની જરૂર છે. વિજયે બે બેઠકો જીતી છે તેથી એક બેઠક ખાલી કરવી પડશે એટલે કે TVK પાસે 107 બેઠકો રહેશે. કુલ બેઠકો 233 થઈ જશે, પરંતુ બહુમતી સાબિત કરવાનો આંકડો 118 જ રહેશે. આવી સ્થિતિમાં TVKને વધુ 11 ધારાસભ્યો જોઈએ.

TVK સૂત્રો કહે છે કે ગઠબંધન માટે અન્ય પક્ષો સાથે વાતચીત ચાલી રહી છે. 5 ધારાસભ્યો ધરાવતી કોંગ્રેસ સાથેની ડીલ લગભગ અંતિમ તબક્કામાં છે. બાકીના 5 ધારાસભ્યો માટે VCK, CPI અને CPM સાથે વાતચીત ચાલી રહી છે. ત્રણેય પક્ષો પાસે 2-2 ધારાસભ્યો છે.

સંભાવના 1: વિજય માટે કોંગ્રેસ DMKનો સાથ છોડી શકે

વિજયે 5 મેના રોજ પાર્ટીની કોર કમિટી સાથે એક દિવસની બેઠક યોજી હતી. તેમણે DMK ગઠબંધન તોડવાની જવાબદારી તેમના નજીકના સલાહકાર એસએ ચંદ્રાને સોંપી છે. સહાયક પક્ષોને ફાળવવામાં આવનારા વિભાગો અંગે પણ ચર્ચા ચાલી રહી છે. TVKના સૂત્રો સૂચવે છે કે કોંગ્રેસને બે મંત્રી પદ મળી શકે છે, જ્યારે બાકીના પક્ષોને ત્રણ કે ચાર મળી શકે છે. વિજય ગઠબંધન સરકાર ચલાવવા માટે સંમત છે તેથી કોઈ અવરોધો નહીં આવે. દરમિયાન, તમિલનાડુના કોંગ્રેસના એક નેતા કહે છે, અમે સમર્થન આપવાનું વચન આપ્યું છે. હાઈકમાન્ડ પહેલાથી જ વિજય સાથે ગઠબંધન ઈચ્છતો હતો. તો શું તેઓ DMK છોડી દેશે? કોંગ્રેસના નેતાઓ કહે છે, 'એ તો થવાનું જ હતું. સરકારમાં કોઈ ખામી રહી હશે જેના કારણે આટલો જનાદેશ મળ્યો.' વરિષ્ઠ પત્રકાર ડી. સુરેશ કુમાર કહે છે કે વિજયની પાર્ટીએ બે ગઠબંધનને હરાવ્યા, 35% મત મેળવ્યા. જો કોઈ પણ ગઠબંધન તેમને સત્તાથી દૂર રાખવાનો પ્રયાસ કરશે, તો ટીવીકેના સમર્થકો તેમને ઘેરી લેશે. તેથી કોઈ પણ પક્ષ આવી ભૂલ કરવા માંગશે નહીં.

સંભાવના 2: AIADMK ના ધારાસભ્યો અલગ થઈ શકે છે

TVK ના સૂત્રો સૂચવે છે કે તેઓ કેટલાક પક્ષો પાસેથી બહારથી ટેકો મેળવવા માંગે છે. હજુ સુધી કંઈ નક્કી થયું નથી. જો રાજ્યપાલ સમર્થન પત્રો માંગે તો પણ કોઈ સમસ્યા નહીં હોય. TVK ના ધારાસભ્ય સંગોટે શ્રીનિવાસન પહેલા AIADMK માં હતા. તેમની નજીકના એક સ્ત્રોતનો દાવો છે કે તેઓ AIADMK ના નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છે. તેઓ પહેલા પાર્ટીના વડા પલાનીસ્વામીને મનાવી રહ્યા છે. જો તેઓ સંમત ન થાય તો તેઓ ધારાસભ્યો સાથે વાત કરશે. AIADMK માંથી ધારાસભ્યોને તોડવાનો પ્રયાસ પણ કરી શકાય છે. રાજકીય વિશ્લેષક રામ કુમાર માને છે કે AIADMK સાથે સરકાર બનાવવી એ વિજય માટે સૌથી સલામત અને સરળ વિકલ્પ છે. VCK, CPI અને CPM પાસે બે-બે બેઠકો છે, જ્યારે DMDK પાસે એક બેઠક છે. તે બધા DMK ના સાથી છે. તેથી તેઓ વિજય સાથે જોડાણ કરવાનું ટાળશે.

# પરભાતે રવિ ઉગતાં પહેલાં! એ પ્રભાતિયાંમાં નરસિંહ વિવિધ ઉપમા દ્વારાં શું સમજાવે છે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રાકૃતિક અંગો સાર્વજનિક હોય છે, એટલે કે સૂર્યનો તાપ, નદી નાળાંના જળ, વનસ્પતિ કે પછી પર્વતો, આ બધાં પર કોઈ પોતાનો હક જમાવી શકે નહીં, હા કોઈ ચોક્કસ વૃક્ષો જેણે ઉગાડ્યાં હોય એનાં ફળ ફૂલ તેની માટે હોય, પરંતુ છાયડો તો એ બધાને આપે! આ બધાં પ્રાકૃતિક અંગો આપણું જીવન ઘડે છે, અને ખાસ કરીને સૂર્યની હાજરી થી સમય આપણી આસપાસ રહે છે. એટલે કે સૂર્યનાં ઉદયથી સૌ માટે દિવસ થયો, ઉનાળો છે, તો આકરાં તાપથી ગરમી સૌને લાગે. સમય એ એક એવું પરિબળ છે જે આપણી આસપાસ રહે છે, પણ અંદર પ્રવેશી શકતું નથી! અંદર પ્રવેશે છે સૂર્યનો પ્રકાશ, અને પછી એ આપણો વ્યક્તિગત સમય નિશ્ચિત કરે છે, સૂર્યોદય થયો અને આપણે જાગ્યાં એટલે પ્રકાશ આપણી આંખ દ્વારા અંદર ગયો, અને પછી આપણી જાગૃતિ પ્રમાણે આપણામાં જાગરણ થયું. વ્યક્તિગત રીતે આપણે દૈનિક ક્રિયાઓ કરી, કર્તવ્ય કર્મ માટે કામ ધંધે નીકળ્યાં, પરંતુ આપણી જાગૃતિ જો આટલી જ હોય તો એ અજવાળું આપણું જીવન અજવાળી શકે નહીં, એટલે કે ક્રિયા અને કાર્ય બંનેનો થાક લાગે. પરંતુ જો આપણે ખરેખર જાગી ગયાં હોઈએ તો, ક્રિયા કાર્ય બંને વખતે આપણે સત્ય, નિષ્ઠા, ઈમાનદારી, પ્રમાણિકતા, અને મૈત્રી ભાવથી વ્યવહારો કરી આપણા જીવનને સરળ અને પ્રસન્ન બનાવી શકીએ છીએ! આમ વ્યક્તિને જાગવાં માટે સૂર્યની જરૂર છે, પરંતુ જાગરણ માટે પ્રકાશ એટલે કે જ્ઞાનની જરૂર છે. આ જગતમાં વિવિધ માનસિકતા વાળા લોકો રહે છે,અને જેમ દરેકની અલગ અલગ રૂચી હોય, એમ નરસિંહની દરેક રચના આપણને કોઈને કોઈ રીતે જાગરણ કરાવવાં કટિબદ્ધ છે! અને એવી જ એક રચના કે જે પ્રભાતિયાં તરીકે પ્રસિદ્ધ છે, એને વિશે આજે ચિંતન કરીશું.

* નરસિંહ મહેતા*

પરભાતે રવિ ઉગતાં પહેલાં,
જીભલડી જો રામ કહે,
પરભાતે રવિ ઉગતાં પહેલાં
હૈયે પ્રેમ ધરી જે પ્રભુને ભજે,
તો જગ માં અમર નામ રહે
પરભાતે રવિ ઉગતાં પહેલાં.. ૧

સૂર્યોદય પહેલાં જીવ જો રામનું નામ બોલે, હૃદયમાં પ્રેમને ધારણ કરી જે પ્રભુને ભજે, એનું નામ જગતમાં અમર થાય છે.

રામ નામનો મહિમા મોટો
શિવ સનકાદિક ધ્યાન ધરે
મેરુ સરીકુ હોય મોટું બાતસ હોત!
તોય નારાયણ નું નામ હરે!
પરભાતે રવિ ઉગતાં પહેલાં...

રામ નામનાં મહિમાની વાત કરતાં નરસિંહ કહે છે કે રામનું નામ એટલું મોટું છે કે, ભગવાન શંકર અને સનત કુમારો પણ રામના નામનું ધ્યાન કરે છે, અને સતત એનો જાપ કરે છે. મેરુ ને સર્વોચ્ચ શિખર માનવામાં આવે છે, એટલે કે કોઈના જીવનમાં એટલું મોટું દુઃખ કે વિપત્તિ આવે તો નારાયણનું નામ એ વિપત્તિને દૂર કરે છે.

સિંહ ગરજે જેમ હરના ત્રાસે,
એમ રવિ ઉગે અંધાર ટળે,
પુરણ બ્રહ્મ અકળ અવિનાશી,
કુબનદીના એ તાપ હરે,
પરભાતે રવિ ઉગતાં પહેલાં...

સિંહ ગર્જના કરે અને જે રીતે હરણ ભયથી ભાગે છે, એમ સૂર્યનો ઉદય થતા અંધારાઓ ટળી જાય છે. પુરાણ બ્રહ્મ એટલે કે પરમ તત્વ તો અકળ અને અવિનાશી છે, એને સમજવું એ સામાન્ય સંસારી માનવીની પરે છે, પરંતુ એનું સ્મરણ કરવાથી આપણી મન અને આત્માની દૂરીને કારણે ઉત્પન્ન થતી અવિદ્યાના અંધકારને કારણે થતાં પાપથી, નર્કની જે કાલ્પનિક નદી બતાવી છે, એમાં જીવને જતો રોકે છે, એટલે કે પાપને હરી લે છે.

કોટી કલ્યાણ સુરજ ઉગતાં,
પાપમાં પડું કેમ રહે,
મેલુ ગંગાજળ માં ભળે ત્યારે,
ગંગા સરીખું થઈ વહે!
પરભાતે રવિ ઉગતાં પહેલાં...

સૂર્યનાં ઉગતાઊ કરોડો લોકોના મનમાં કલ્યાણનો ઉદય થાય છે, ત્યાં પાપમાં આ પંડ કેમ રહે? એટલે કે આપણું જાગરણ કેમ ન થાય? ગંગાજળમાં જો મેલ ભળે તો એ ગંગાજળ થઈ જાય છે, એમ સૂર્યોદયનું અજવાળું જીવનું જાગરણ કરે છે, અને અંતરનાં મેલને ધોઈને સ્વચ્છ કરે છે.

આ રસ ને શુકદેવજી જાણે,
કોક વિરલા સંચ કળે,
ભણે નરસૈંયો રામ ભજીલો,
આવાં ગમન નો ફેરો ટળે,
પરભાતે રવિ ઉગતાં પહેલાં..

નરસિંહ અહીં ભક્તિરસનો સંદર્ભ મુકી કહે છે કે આ રસને શુકદેવજી જાણે છે, અને બીજું કોઈ કોઈ એવું વિરલ હોય, એ આ સત્યને ઓળખી જાય છે, એટલે કે નામ સ્મરણનો મહિમાનાં સત્યને સમજી જાય છે. નરસિંહ કહે છે કે જન્મ મૃત્યુનાં ફેરા માંથી! એટલે કે કર્મ અનુસાર બીજો જન્મ, અને એની આધિ, વ્યાધિ, અને ઉપાધિમાંથી બહાર આવવાં માટે રામને ભજી લો.

અહીં પરભાતે અને જીભલડી એ બે શબ્દ વાંચનાર નરસિંહ વિશે ખોટો ખ્યાલ બાંધી શકે! કારણ કે એકદમ લોક બોલી છે! પણ પ્રભાતિયાં ભજન જેવી રચનાઓ, જે વેદ વેદાંત કે શાસ્ત્રોને જાણતાં નથી, એ સામાન્ય લોકો માટે જ છે. એમને સીધો સાર જણાવીને, આટલું જ કરવાનું છે, એમ સ્પષ્ટ કર્યું! આખાં શરીરમાં જીભ એવું અંગ છે કે, જેમાં હાડકું નથી! અને એટલે એ વાયડી થયાં વગર રહેતી નથી! એ વાણીની રીતે કે સ્વાદ એટલે કે વિષયની લોલુપતાથી વાંકીચૂકી થયે જ રાખે છે! પણ જો રવિ ઉગતાં પહેલાં આ જીભ રામનું નામ લે તો, પછી એનું વિષયી રસોથી આકર્ષણ નથી રહેતું. ભગવાન શંકર સનકાદિક એટલે બ્રહ્માનાં માનસ પુત્રો અને વિષ્ણુનાં પ્રથમ અવતાર પણ હરિ સ્મરણ કરે છે! કારણ કે એ અકળ અવિનાશી બ્રહ્મની લીલાને સમજી શકાય નહીં તો, દુઃખો મેરુ જેટલાં મોટાં લાગે છે. સિંહ દહાડે ત્યારે હરણ જેમ ભયથી ફફડી જાય એમ, અંતે તો અકળ અવિનાશી પરમાત્માની લીલા છે, એમાં હું નિમિત્ત માત્ર છું એવાં જ્ઞાન રુપી પ્રકાશથી પાપ પ્રેરિત કર્મનાં નર્કનાં ભયનું અંધારું ભાગી જાય છે. પ્રાકૃતિક અંગ તરીકે તો એક જ સૂર્ય છે, પણ કલ્યાણનો ભાવ હૃદયે ધરીયે તો કરોડો સૂર્ય જેમ દેહ દૈદિપ્યમાન થઈ જાય છે, એમાં પછી પંડ નું પાપ રહેતું નથી, જેમ ગંગામાં મલિનતા ભળે છતાં એ ગંગાજળ બનીને વહે છે, ગંગા એને પોતાની ઓળખ આપે છે, કારણકે એણે હરિને સેવ્યાં છે. હરિ સ્મરણ રુપે ભક્તિ રસને શુકદેવજી જન્મીને તરત જાણી ગયા માટે હરિ સંકિર્તન કરવાં નીકળી ગયા! કોક કોક વિરલા આ સત્યને સમજી શક્યા! અને એટલે જ નરસિંહ કહે છે કે, વિધાતાનાં હાથની કઠપૂતળી બની જન્મ મૃત્યુની આવન જાવન માંથી બચવું હોય તો જીવ તું સમયે રામને ભજી છે. આમ આ રચના કળિયુગના એકમાત્ર સાધન હરિ સ્મરણ એ જ વેદ વેદાંતનો સાર છે એ સત્યને સિદ્ધ કરે છે, આપણે સૌ પણ સાધનાની આંટીઘૂંટીમાં ફસાયાં વગર સીધુંસાદું હરિનામ લઈ જીવનનો આ પડાવ પ્રકાશિત કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.



# મહેસાણાથી આસામ જવા માટે પહેલી મસાલા ભરેલી ટ્રેન રવાના

## અમદાવાદ મંડળે માલ પરિવહનમાં નવા કીર્તિમાન સ્થાપિત કર્યા



**પશ્ચિમ રેલવે, અમદાવાદ, તા. 06**

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ માલ પરિવહન અને રેવેન્યુ ઉપાર્જનના ક્ષેત્રમાં સતત નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરીને ભારતીય રેલવેના ફ્રેઈટ ઓપરેશનને નવી દિશા પૂરી પાડી રહ્યું છે. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશના કુશળ નેતૃત્વમાં અમદાવાદ મંડળ દ્વારા માલ લોડિંગના ક્ષેત્રમાં અનેક મહત્વપૂર્ણ અને નવીનતાસભર પહેલો કરવામાં આવી રહી છે, જેનાથી ફક્ત વ્યાપારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન જ નથી મળી રહ્યુ, પરંતુ દેશવ્યાપી આપૂર્તિ શ્રેણીને પણ મજબૂતી મળી રહી છે.

આ જ ક્રમમાં તારીખ 06 મે 2026 ના રોજ અમદાવાદ મંડળના મહેસાણા સ્ટેશનથી પૂર્વોત્તર સીમાંત રેલવે (NFR) ના રગિયા મંડળમાં આવેલ અજારા સ્ટેશન (આસામ) માટે 4200 ક્વિન્ટલ જીરૂંથી લોડેડ પહેલી 'ડીમ્ડ વીપી રેક' (Deemed VP Rake) સફળતાપૂર્વક લોડ કરીને રવાના કરવામાં આવી. આ સિદ્ધિ અમદાવાદ મંડળ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કેમ કે પહેલી વાર આ સેક્ટરમાં મસાલાઓનું સંગઠિત રેલવે લોડિંગ કરવામાં આવ્યું છે. આ રેક મારફતે વિવિધ પ્રકારના મસાલાઓનું પરિવહન કરવામાં આવ્યું, જેનાથી રેલવેને લગભગ રૂા. 25 લાખની આવક પ્રાપ્ત થઈ.

આ નવી પહેલ ફક્ત ગુજરાતના મસાલા ઉદ્યોગને પૂર્વોત્તરના બજારોથી જોડવાનું જ કામ નહી કરે, પરંતુ રોડ પરિવહનની સરખામણીમાં વધુ સુરક્ષિત, કિફાયતી અને પર્યાવરણ-અનુકૂળ વિકલ્પ રૂપે રેલવેની ભૂમિકાને પણ સુદ્રઢ બનાવશે. આનાથી સ્થાનિક વેપારીઓ અને નિકાસકારોને પણ મોટી સુવિધા પ્રાપ્ત થશે તથા ભવિષ્યમાં આ પ્રકારની વધારે ફ્રેઈટ મુવમેન્ટની શક્યતાઓ મજબૂત થશે.

આ ઉપરાંત, અમદાવાદ મંડળે હાલમાં જ ગાંધીધામ ક્ષેત્રના ભીમાસર સ્ટેશનથી જમ્મૂ-કાશ્મીરના બાડી બ્રાહ્મણ (BBMN) અને અનંતનાગ સુધી ખાદ્ય તેલ (Edible Oil) નું સફળ લોડિંગ કરી એક મહત્વપૂર્ણ સિદ્ધિ નોંધાવી છે. આ વિશેષ ફ્રેઈટ મુવમેન્ટ હેઠળ 11 BCN વેગન બાડી બ્રાહ્મણ તથા 09 BCN વેગન અનંતનાગ માટે મોકલવામાં આવ્યા. આ પરિવહનથી રેલવેને રૂ. 17 લાખથી વધુની આવક પ્રાપ્ત થઈ.

"કચ્છથી કાશ્મીર" સુધી ખાદ્ય તેલની નિર્વિરોધ આપૂર્તિ દેશની એકતા, મજબૂત લોજિસ્ટિક નેટવર્ક તથા ભારતીય રેલવેની સર્વવ્યાપક પહોંચનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પશ્ચિમ ભારતના ઔદ્યોગિક અને પોર્ટ ક્ષેત્રોને ઉત્તર ભારત અને જમ્મૂ-કાશ્મીર જેવા સંવેદનશીલ અને દૂરના ક્ષેત્રથી જોડવામાં રેલવેની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. આ પ્રકારના માલ લોડિંગથી જરૂરી વસ્તુઓની સમયબદ્ધ ઉપલબ્ધતા સુનિશ્ચિત થવાની સાથે-સાથે રોડ વાહનવ્યવહાર પરનું દબાણ ઓછું થાય છે. અમદાવાદ મંડળના 'બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ' (BDU) દ્વારા વેપારી સંસ્થાઓ અને ઉદ્યોગોની સાથે સતત વાર્તાલાપ સ્થાપિત કરીને તેમની જરૂરિયાતોને અનુરૂપ ઉત્તમ અને ઝડપી લોજિસ્ટિક સમાધાન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. પરિણામ સ્વરૂપે મંડળમાં નવા-નવા કોમિડિટી ટ્રાફિકનો વિકાસ થઈ રહ્યો છે તથા રેલવે મારફતે માલ પરિવહન પ્રત્યે વ્યપારી સમુદાયનો વિશ્વાસ સતત વધી રહ્યો છે.

અમદાવાદ મંડળ દ્વારા સતત વિકસિત કરવામાં આવી રહેલા નવા ફ્રેઈટ કોરિડોર, ગ્રાહક-અનુકૂળ નીતિઓ. તાત્કાલિક રેક ઉપલબ્ધતા, આધુનિક માલ લોડિંગ સુવિધાઓ અને સમર્પિત માર્કેટિંગ પ્રયાસ મંડળને પશ્ચિમ રેલવેના અગ્રગણ્ય માલ લોડિંગ મંડળોમાં સ્થાપિત કરી રહ્યા છે. મંડળ દ્વારા ઉદ્યોકોની જરૂરિયાતોને અનુરૂપ અનુકૂળ પરિવહન સમાધાન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે, જેનાથી રેલવે પ્રત્યે ઉદ્યોગ જગતનો વિશ્વાસ ઘણો વધારે મજબૂત થયો છે.

અમદાવાદ મંડળની આ નોંધપાત્ર સિદ્ધિઓ "Driving Progress, Delivering Prosperity" ની ભાવનાને સાકાર કરતાં પશ્ચિમ રેલવેની માલ લોડિંગ ક્ષમતાને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ભવિષ્યમાં પણ મંડળ દ્વારા નવા વ્યાપારી અવસરોની ઓળખ કરીને માલ પરિવહનના ક્ષેત્રમાં નવીનતા અને શ્રેષ્ઠતાની દિશામાં સતત પ્રયાસો કરવામાં આવતા રહેશે.

# ન ચોરહાર્યં ન ચ રાજહાર્યં ન ભ્રાતૃ ભાજ્યં ન ચ ભારકારી! વ્યયે કૃતે વર્ધતે એવ નિત્યં વિધા ધનમ સર્વધન પ્રધાનમ્!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવનમાં આપણે સૌ સુખ, સમૃદ્ધિ અને શાંતિની શોધમાં દોડતા હોઈએ છીએ. કોઈ સંપત્તિને સાચું સુખ માને છે, તો કોઈ વૈભવને જીવનની સફળતા ગણે છે. પરંતુ શું ખરેખર બાહ્ય વસ્તુઓ જ આપણને મહાન બનાવે છે? એક રાજા અને ત્રણ બાળકોની બોધકથાથી લઈને રાસલીલાના આધ્યાત્મિક રહસ્ય સુધી,અને એક પિતા-પુત્રના મૌન સંવાદ સુધી, જીવન આપણને વારંવાર એક જ સત્ય શીખવે છે: નાશવંત વસ્તુઓ કરતાં અવિનાશી મૂલ્યો જસાચી મૂડી છે. જ્ઞાન,નિઃસ્વાર્થ પ્રેમ અને સંબંધોની હૂંફ એ જ એવો ખજાનો છે જે સમય, સંજોગો કે વિપત્તિ ક્યારેય છીનવી શકતા નથી. આ લેખમાં ત્રણ અલગ પ્રસંગો દ્વારા જીવનના એ જ શાશ્વત સત્યને સમજવાનો પ્રયત્ન કરીએ.



એક સમયે એક પરાક્રમી રાજા શિકાર માટે ગાઢ જંગલમાં ગયો. અચાનક વાતાવરણ પલટાયું. મુશળધાર વરસાદ અને અંધારા ના કારણે રાજા પોતાના સૈન્યથી વિખૂટો પડી ગયો. ભૂખ, તરસ અને થાકથી લથડતો રાજા જંગલની ધારે આવેલા ટેકરા પર બેઠો. ત્યાં તેણે ત્રણ નાના છોકરાઓને હસતા-રમતા ગામ તરફ જતા જોયા. રાજાએ નમ્રતાથી ભોજન અને પાણી માગ્યું. બાળકોએ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના દોડીને ગામમાંથી ખોરાક લાવી આપ્યો.

બાળકોની નિઃસ્વાર્થ સેવાથી પ્રસન્ન થયેલા રાજાએ કહ્યું, 'માગો, જે જોઈએ તે આપીશ.'

પહેલા છોકરાએ સંપત્તિ માગી કે જેથી ક્યારેય ભૂખ્યો ન રહે. બીજાએ મોટું ઘર અને ઘોડા ગાડી માગ્યા. રાજાએ બંનેની ઈચ્છા પૂરી કરી.

ત્રીજો છોકરો શાંતિથી બોલ્યો, 'મહારાજ, મને ધન કે વૈભવ નથી જોઈતો. મને એવો આશીર્વાદ આપો કે હું ભણી-ગણીને વિદ્વાન બનું અને દેશની સેવા કરી શકું.'રાજા તેની સમજ દારીથી પ્રભાવિત થયો અને તેના શિક્ષણની સંપૂર્ણ વ્યવસ્થા કરાવી.

વર્ષો વીત્યા.ત્રીજો છોકરો મહાન વિદ્વાન બની રાજ્યનો મંત્રી બન્યો એક દિવસ રાજાએ તેના બંને જૂના મિત્રોને બોલાવ્યા પહેલો ફરી ગરીબ થઈ ગયોહતો કારણ કે તેણે સંપત્તિ ઉડાવી દીધી.બીજાનું ઘર અને સંપત્તિ કુદરતી આફતમાં નાશ પામ્યાં હતાં. ત્યારે રાજાએ ત્રણેયને જીવનનું સાર સમજાવ્યું 'સંપત્તિ અને વૈભવ નાશવંત છે.આજે છે,કાલે નહીં હોય. પરંતુ જ્ઞાન એવો ખજાનો છે જે કોઈ ચોરી શકતું નથી,કોઈ આફત છીનવી શકતી નથી.જ્ઞાન જ મનુષ્યને સાચી રીતે મહાન બનાવે છે.'લૌકિક દ્રષ્ટિએ જોવામાં આવે તો રાસ લીલાને ઘણીવાર ગેરસમજ થાય છે. પરંતુ ભાગવતનો મર્મ સમજી એ તો રાસલીલા એ કામલીલા નહીં યોગલીલા છે. યોગ એટલે જીવ અને ઈશ્વરનો સંયોગ. રાસલીલા એ મહાયોગ છે.

ગોપીઓનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ લૌકિક મોહ નહોતો,શુદ્ધ અંત રંગ પ્રેમ હતો. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ત્યાગ માગે છે. મોહ સંયોગથી પુષ્ટ થાય છે, પણ પ્રેમ વિયોગમાં વધુ દ્રઢ બને છે, કારણ કે વિયોગમાં પ્રિયનું સતત સ્મરણ રહે છે. વિયોગ એ પણ એક વિશિષ્ટ પ્રકારનો યોગ જ છે.વિયોગની અગ્નિમાં ગોપી ઓનું પંચભૌતિક શરીર બળીને દિવ્ય બન્યું,ત્યારે જ જીવ-ઈશ્વર નું મિલન શક્ય બન્યું ઘણાને પ્રશ્ન થાય કે અગિયાર વર્ષના બાળ કૃષ્ણ સાથે કામની વાત કેવી રીતે સંભવે?ભાગવતના વક્તા શુક દેવજી બ્રહ્મનિષ્ઠ પરમહંસ છે. શ્રોતા પરીક્ષિત રાજા મૃત્યુના કાંઠે બેઠા છે. આવી સ્થિતિમાં લૌકિક કામની કથા સંભળાવ વાનો કોઈ અર્થ જ નથી. સત્ય એ છે કે રાસલીલામાં શ્રીકૃષ્ણ અને ગોપીઓનો સ્થૂળ શરીર સંબંધ થયો જ નથી.ગોપીઓનાં પંચ ભૌતિક શરીર તો ઘરમાં પતિની પડખે જ હતાં.ભાગવત કારસ્પષ્ટ કહેછેકે આ મિલન સૂક્ષ્મ શરીરનું હતું. મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોનું મિલન. જ્યારે મન ઈશ્વરમાં ઓગળી જાય ત્યારે જ ભક્તિ રસ પ્રાપ્ત થાય છે.એટલે જ ભાગવતમાં ગોપી ઓ માટે 'કૃષ્ણ ગીત માનસ'શબ્દ વપરાયો છે, એટલે કે જેનું મન શ્રીકૃષ્ણે હરી લીધું છે.આ લીલા નું શ્રદ્ધાથી ચિંતન કરવાથી કામ વિકાર નાશ પામે છે અને પરા ભક્તિ પ્રાપ્ત થાય છે.

ગોપીઓનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ લૌકિક મોહ નહોતો,શુદ્ધ અંત રંગ પ્રેમ હતો. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ત્યાગ માગે છે. મોહ સંયોગથી પુષ્ટ થાય છે, પણ પ્રેમ વિયોગમાં વધુ દ્રઢ બને છે, કારણ કે વિયોગમાં પ્રિયનું સતત સ્મરણ રહે છે. વિયોગ એ પણ એક વિશિષ્ટ પ્રકારનો યોગ જ છે.વિયોગની અગ્નિમાં ગોપી ઓનું પંચભૌતિક શરીર બળીને દિવ્ય બન્યું,ત્યારે જ જીવ-ઈશ્વર નું મિલન શક્ય બન્યું ઘણાને પ્રશ્ન થાય કે

અગિયાર વર્ષના બાળ કૃષ્ણ સાથે કામની વાત કેવી રીતે સંભવે?ભાગવતના વક્તા શુક દેવજી બ્રહ્મનિષ્ઠ પરમહંસ છે. શ્રોતા પરીક્ષિત રાજા મૃત્યુના કાંઠે બેઠા છે. આવી સ્થિતિમાં લૌકિક કામની કથા સંભળાવ વાનો કોઈ અર્થ જ નથી. સત્ય એ છે કે રાસલીલામાં શ્રીકૃષ્ણ અને ગોપીઓનો સ્થૂળ શરીર સંબંધ થયો જ નથી.ગોપીઓનાં પંચ ભૌતિક શરીર તો ઘરમાં પતિની પડખે જ હતાં.ભાગવત કારસ્પષ્ટ કહેછેકે આ મિલન સૂક્ષ્મ શરીરનું હતું. મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોનું મિલન. જ્યારે મન ઈશ્વરમાં ઓગળી જાય ત્યારે જ ભક્તિ રસ પ્રાપ્ત થાય છે.એટલે જ ભાગવતમાં ગોપી ઓ માટે 'કૃષ્ણ ગીત માનસ'શબ્દ વપરાયો છે, એટલે કે જેનું મન શ્રીકૃષ્ણે હરી લીધું છે.આ લીલા નું શ્રદ્ધાથી ચિંતન કરવાથી કામ વિકાર નાશ પામે છે અને પરા ભક્તિ પ્રાપ્ત થાય છે.

આજે છેલ્લે મને ગમેલી એક વાત એક વૃદ્ધ પિતા રોજ બારી પાસે બેસીને બહાર જોતા રહેતા. પુત્રને ચીડ ચડી. તેણે પૂછ્યું, 'પિતાજી,આખો દિવસ બારી પાસે શું જોયા કરો છો?'

પિતાએ સ્મિત સાથે કહ્યું,'બેટા, તું નાનો હતો ત્યારે તું પણ આ જ બારી પાસે ઊભો રહી મારી રાહ જોતો હતો. આજે હું તારી રાહ જોઉં છું.'

પુત્ર સ્તબ્ધ થઈ ગયો. આંખમાં આંસુ સાથે તેણે પિતાને ભેટી પડીને કહ્યું,'હવે હું રોજ તમારી સાથે બેસીશ.'

સમય બદલાય છે, સંજોગો બદલાય છે,પણ સાચા સંબંધો ની લાગણી ક્યારેય બદલાતી નથી.આપણે કમાવાની દોડમાં ઘણીવાર એ ભૂલી જઈએ છીએ કે આપણા વડીલોને આપણા પૈસા નહીં, આપણો સમય અને પ્રેમજોઈએ છે.વાચક મિત્રો જીવનનું એક જ સત્ય દોહરાવે છે.પહેલી વાર્તા કહે છે કે સંપત્તિ કરતાં જ્ઞાન ચડિયાતું છે. બીજો પ્રસંગ સમજાવે છે કે મોહ કરતાં નિઃસ્વાર્થ પ્રેમ શ્રેષ્ઠ છે.અને ત્રીજી ઘટના શીખવે છે કે દુનિયાની દોડધામ કરતાં સંબંધોને આપેલો સમય વધુ મૂલ્યવાન છે.

સાચી મૂડી તિજોરીમાં નહીં, મગજ, હૃદય અને વ્યવહારમાં હોય છે. જે જ્ઞાનથી સમૃદ્ધ છે, પ્રેમથી પરિપૂર્ણ છે અને લાગણી થી જીવંત છે, એ જ ખરેખર ધનવાન છે. કારણ કે આ ત્રણેય વસ્તુઓને કોઈ રાજા છીનવી શકે નહીં,કોઈ આફત મિટાવી શકે નહીં અને કાળ પણ ભૂંસી શકે નહીં.એટલે જ કહ્યું છે વિદ્યા ધનં સર્વધન પ્રધાનમ્ અસ્તુ.

# જૂનાગઢ કલેક્ટરશ્રી અનિલ રાણાવસિયાએ સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓની નવતર પહેલનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું

**અમદાવાદ, તા. 06**

રાજ્ય સરકાર દ્વારા આયોજિત મહેસૂલ વિભાગની 'ચિંતન શિબિર'ના વિશેષ સત્રમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિભાગના જિલ્લાઓની શ્રેષ્ઠ વહીવટી કામગીરી અને જનહિતની પહેલો રજૂ કરવામાં આવી હતી. જૂનાગઢ કલેક્ટર શ્રી અનિલ રાણાવસિયાએ વિભાગના તમામ જિલ્લાઓની સિદ્ધિઓનું વિગતવાર પ્રેઝન્ટેશન આપતા જણાવ્યું હતું કે, વહીવટી પારદર્શિતા અને કડક કાયદાકીય અમલીકરણ દ્વારા છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવામાં આવી છે.

જાહેર સુરક્ષાને ધ્યાને રાખી ભયજનક દબાણો દૂર કરી અંદાજે ૨૩૨૫ કરોડની કિંમતી સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે.'સરપંચ સંવાદ' અને ગામતળના પ્રશ્નોના નિરાકરણ દ્વારા છેલ્લાં બે વર્ષમાં ૨૦ કરોડની ૩૭ હેક્ટર જમીન દબાણમુક્ત કરાઈ. ઐતિહાસિક હડપ્પકાલીન સ્થળોને રેકોર્ડ પર લેવાની સાથે ૬૦૩૭ એકર જમીન તળાવો માટે અને ૨૧૦ એકર જમીન રમતગમતનાં મેદાનો માટે નીમ કરવામાં આવી છે.

આ સાથે તેમણે સુરેન્દ્રનગર જિલ્લામાં કોલસાના ગેરકાયદે ખનનને અટકાવવા BNSS-૨૦૨૩ અને લેન્ડ ગ્રેબિંગ સહિતના ૧૭ કાયદાઓનો ઉપયોગ કરીને મળેલી ઐતિહાસિક સફળતા, જામનગરમાં પી.એમ. ગતિશક્તિ પોર્ટલ અને GIS ટેકનોલોજીનો ઉપયોગ કરી લેન્ડ ગ્રેબિંગ અને જમીન ફાળવણીના કેસોમાં લાવવામાં આવેલી ચોકસાઈ, બોટાદ જિલ્લાની 'Connect @ Botad Podcast' દ્વારા વહીવટી તંત્ર સીધું ગ્રામજનો સાથેના જોડાણ વગેરે સારી પહેલોની સરાહના કરી હતી.

આ સાથે રાજકોટ જિલ્લાના 'સ્વાગત ઓડિટ મિકેનિઝમ' દ્વારા અરજદારોનો ટેલિફોનિક સંપર્ક કરી ફીડબેક લેવામાં આવે છે,ગીર સોમનાથના ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ ૧૦૦% નિક્ષય મિત્રની પહેલ સહિત ભાવનગર, પોરબંદર અને બોટાદમાં વિચરતી-વિમુક્ત જાતિના પરિવારોને રહેણાંક માટે મફત પ્લોટની ફાળવણી જેવી ઉત્કૃષ્ટ પહેલો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

# અમદાવાદમાં સ્પા/મસાજ અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**■ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/ મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબધિત પોલીસ સ્ટેશન ખાતે આપવા માટે ફરમાવું છુ.**

**અમદાવાદ, તા. 06**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ ક્રમાંક:વિ. શા./જાહેરનામું/એ-સેકશન/ પરમીટ/સ્પા/મસાજ પાર્લરો -કર્મચારીની માહિતી ૪૭ /૨૦૨૬ તા. ૧૫/૦૫/૨૦૨૬ વંચાણે લીધા :- (૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/ આર.બી./૨૮૮૨/૨૦૨૬ તા.૨૬/૦૪/૨૦૨૬ તથા, (૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૨/૪૪૦૬/૨૦૨૬ તા.૨૬/૦૪/૨૦૨૬ તથા, (૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૩/૧૯૪૫/૨૦૨૬ તા.૨૬/૦૪/૨૦૨૬ તથા, (૪) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪/આર. બી./૨૫૫૯/૨૦૨૬ તા.૦૨/૦૫/૨૦૨૬ તથા, (૫) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન- ૫/આર. બી./૨૮૮૦/૨૦૨૬ તા.૦૪/૦૫/૨૦૨૬ તથા, (૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/ આરબી/૨૦૩૩/૨૦૨૬ તા.૦૩/૦૫/૨૦૨૬ તથા, (૭) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન-૭/આર. બી./૨૭૦૯/૨૦૨૬ તા.૦૧/૦૫/૨૦૨૬ આધારે, શહેરના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગીક વિસ્તારોમાં સ્પા/ મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવેપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લર ની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે. જેથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે. વાસ્તે હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/ મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબધિત પોલીસ સ્ટેશન ખાતે આપવા માટે ફરમાવું છુ.

## ભગવાન શ્રી રામના ૬૪ દિવ્ય ગુણો પર આધારિત 'સર્વસ્વ શ્રીરામ' ગ્રંથનું મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં વિમોચન

# શિક્ષણ મંત્રીશ્રીએ આધ્યાત્મિક મૂલ્યો અને રાષ્ટ્ર નિર્માણ વચ્ચેના ગાઢ સંબંધ પર ભાર મૂક્યો

**અમદાવાદ, તા. 06**

ભગવાન શ્રી રામના ૬૪ દિવ્ય ગુણોને આવરી લેતા 'સર્વસ્વ શ્રીરામ' લઘુગ્રંથના અંગ્રેજી અને હિન્દી ભવાનુવાદના વિમોચન પ્રસંગે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે પ્રેરણાદાયી સંબોધન આપતાં આધ્યાત્મિક મૂલ્યો અને રાષ્ટ્ર નિર્માણ વચ્ચેના ગાઢ સંબંધ પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ભગવાન શ્રી રામનું જીવન માત્ર ધાર્મિક પ્રતીક પૂરતું મર્યાદિત નથી, પરંતુ નૈતિકતા, સમાનતા, સ્ત્રી-પુરુષ સમાન અધિકાર અને સામાજિક ન્યાય માટે એક સર્વમાન્ય આદર્શ માર્ગદર્શિકા છે.

તેમણે ઉમેર્યું કે શ્રી રામના ૬૪ દિવ્ય ગુણો માનવજીવનને શ્રેષ્ઠ બનાવવામાં માર્ગદર્શક બની શકે છે અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. આ પ્રસંગે હિંદુ સ્પિરિચ્યુઅલ એન્ડ સર્વિસ ફાઉન્ડેશન (HSSF) અને IMCTF દ્વારા કરવામાં આવતા પ્રયાસોની પ્રશંસા કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે આ સંસ્થાઓ પ્રાચીન ભારતીય મૂલ્યોના આધારે રાષ્ટ્રીય ચરિત્રના ઘડતરમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.મંત્રીશ્રીએ આધુનિક શિક્ષણમાં ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂલ્યોના સંકલન પર ભાર મૂકતાં National Education Policy-2020નો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે શાળાઓમાં ભગવદ ગીતા સહિતના ગ્રંથોના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓમાં નૈતિકતા અને સંસ્કાર વિકસાવવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે.તેમણે વધુમાં જણાવ્યું કે શ્રી રામ જન્મભૂમિના પુનઃસ્થાપન અને વૈદિક જ્ઞાનના પુનર્જાગરણ દ્વારા ભારત વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આવા સાહિત્ય અને પ્રયાસો દેશને વૈશ્વિક નેતૃત્વ તરફ દોરી જવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ સમારોહમાં રામકૃષ્ણ મિશનના સ્વામી પરમાત્માનંદ સરસ્વતી, અગ્રણી સુરેન્દ્રભાઈ પટેલ, ગુણવંતસિંહ કોઠારી, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ ઝા સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનો, શિક્ષણવિદો, આધ્યાત્મિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

# નર્સિંગ ક્ષેત્રે ઐતિહાસિક ભરતી પ્રક્રિયા બદલ નર્સિંગ એસો. ટીમની આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા સાથે શુભેચ્છા મુલાકાત




**સેવાની સાથે સંસ્કારનું ભાથું જ આધુનિક આરોગ્ય વ્યવસ્થાનો સાચો પાયો છે: આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા**

**પ્રથમવાર નર્સિંગમાં ૫૦થી વધુ GPSC દ્વારા અધિકારીઓની નિમણૂંક: રાજ્ય સરકારે એક વર્ષમાં પાંચ હજારથી વધુ નર્સિંગ સ્ટાફની કાયમી ભરતી કરી**

**સુરત, તા. 06**

ગુજરાત રાજ્યના નર્સિંગ ક્ષેત્રમાં થયેલી અભૂતપૂર્વ પ્રગતિ અને પારદર્શક ભરતી પ્રક્રિયાને બિરદાવવા માટે નર્સિંગ એસોસિએશનની ટીમ દ્વારા રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન એસોસિએશને રાજ્ય સરકાર દ્વારા નર્સિંગ કેડરમાં કરવામાં આવેલા ઐતિહાસિક નિર્ણયો બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આરોગ્યની સાચી કરોડરજ્જુ સમાન નર્સિંગ અધિકારીઓ સાથે સંવાદ સાધતા આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, નર્સિંગ સ્ટાફનું વર્તન એ ફરજ સાથે એક મનોવિજ્ઞાન પણ છે. જે વ્યક્તિ દર્દી કે સાથી કર્મચારીઓ સાથે અયોગ્ય વર્તન કરે છે, તે તેના મૂળભૂત સ્વભાવનું પ્રતિબિંબ છે, જે તેના અંગત જીવન પર પણ અસર કરે છે. જેમ એક નાનકડા છોડને વારંવાર વાળીને યોગ્ય આકાર આપવામાં આવે છે, તેમ નર્સિંગના વિદ્યાર્થી કાળથી જ યોગ્ય ઘડતર થાય તે અનિવાર્ય છે. વધુ મંત્રીશ્રીએ કહ્યું કે, સેવાની સાથે સંસ્કારનું ભાથું જ આધુનિક આરોગ્ય વ્યવસ્થાનો સાચો પાયો છે. નર્સિંગના અભ્યાસક્રમમાં 'બિહેવિયર'ને 'સ્પિરિચ્યુઅલ પાવર' એટલે કે આધ્યાત્મિક શક્તિ સાથે જોડવામાં આવે તો નર્સિંગ મેનેજમેન્ટ મજબૂત બનશે, ત્યારે જ આપણે સમાજને શ્રેષ્ઠ અને કરુણાસભર નર્સિંગ અધિકારીઓ આપી શકીશું. આપણું લક્ષ્ય સારવાર કરવાની સાથે દર્દીઓ સાથેના વ્યવહારને વધુ માનવીય બનાવી હોસ્પિટલના વ્યવસ્થાપનને નવી ઊંચાઈએ લઈ જવાનું છે. સેવાની સાથે સંસ્કારનું આ ભાથું જ આધુનિક આરોગ્ય વ્યવસ્થાનો સાચો પાયો બનશે એમ તેમણે જણાવ્યું હતું. નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ એ જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ પછી ગુજરાતના ૫૦૦થી વધુ નર્સિંગ સ્ટાફ દેશની પ્રતિષ્ઠિત એઈમ્સ (AIIMS) જેવી સંસ્થાઓમાં પસંદગી થઈ છે, જે ગુજરાતની નર્સિંગ ગુણવત્તાના સ્તરને કેરળ મૉડેલની સમકક્ષ દર્શાવે છે. રાજ્યમાં નર્સિંગના ઈતિહાસમાં પ્રથમ વખત GPSC મારફતે એક જ વર્ષમાં ૫૦થી વધુ નર્સિંગ અધિકારીઓ, પ્રિન્સિપાલ, નર્સિંગ તજજ્ઞો, સિલેક્શન સ્કેલ અને સિનિયર સ્કેલ પ્રોફેસરોની નિમણૂંક કરવામાં આવી છે. કોવિડ મહામારી બાદ રાજ્યમાં અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ નર્સિંગ સ્ટાફની કાયમી ભરતી કરવામાં આવી છે. આ સાથે આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટની ૧૫૦થી વધુ જગ્યાઓ ભરતી દ્વારા ભરીને બઢતી-બદલીના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું છે, જેમાં કર્મચારીઓને સ્થળ પસંદગીનો લાભ પણ મળ્યો છે. આ બેઠકમાં નર્સિંગ એસો. દ્વારા કેટલાક મહત્વના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં નર્સિંગ કર્મચારીઓના અલાઉન્સ અને વિદ્યાર્થીઓના સ્ટાઈપેન્ડમાં વધારો, બઢતીના બાકી પ્રશ્નોનો નિકાલ, ઉચ્ચતર પગાર ધોરણના કેસોનું ઝડપી નિરાકરણ સહિતના પ્રશ્નોને આરોગ્ય મંત્રીશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળીને ટૂંક સમયમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સંયુક્ત બેઠક યોજવાની ખાતરી આપી હતી.

# અમદાવાદ જિલ્લામાં મે મહિનાનો તાલુકા અને જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે

**અમદાવાદ, તા. 06**

રાજ્ય સરકાર દ્વારા લોક ફરિયાદોનું સમયસર અને અસરકારક નિવારણ થાય તે માટે 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે રાજ્યના તમામ જિલ્લા અને તાલુકા કક્ષાએ દર મહિને સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે.આ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં પણ મે મહિનાનો તાલુકા અને જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે. આગામી તા. 26/05/26ના રોજ તાલુકા કક્ષાનો તથા તા. 28/05/26ના રોજ જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે. આ સ્વાગત કાર્યક્રમ થકી અરજદારોના પ્રશ્નોનું ત્વરિત હકારાત્મક રીતે નિવારણ કરવામાં આવશે. અધિક નિવાસી નાયબ કલેકટરશ્રી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' માં ભાગ લેવા માંગતા અરજદારો તાલુકા કક્ષાના પ્રશ્નો માટે તાલુકા મામલતદારશ્રી અને જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે જિલ્લા કલેક્ટરશ્રીને તા.10/05/26 સુધીમાં મોકલી આપવા અનુરોધ છે. આ ઉપરાંત અરજદારો પોતાના પ્રશ્નો ઓનલાઈન સ્વાગત પોર્ટલ પર પણ મૂકી શકે છે.

# વન સ્ટેટ, વન એક્ટ, વન રૂલ' તરફ મક્કમ પગલું: મહેસૂલના જૂના કાયદાઓના સરળીકરણ માટે સી.એલ. મીના અને જે.કે. અસ્તિક સમિતિની મહત્ત્વની ભલામણો

**ગાંધીનગર, તા. 06**

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા અને જટિલ કાયદાઓને સરળ બનાવવાના ઉમદા હેતુથી 'વન સ્ટેટ, વન એક્ટ, વન રૂલ'(One State, One Act, One Rule)ની સંકલ્પના સાકાર કરવામાં આવી રહી છે. હાલમાં યોજાઇ રહેલી મહેસૂલ વિભાગની ચિંતન શિબિર અંતર્ગત યોજાયેલા એક સ્પેશ્યલ સેશનમાં આ વિષય પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી, જેમાં જમીન સુધારણા અને કાયદાકીય સરળીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સંકલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે રચાયેલી સી.એલ. મીના સમિતિ અને જે.કે. અસ્તિક સમિતિએ સઘન અભ્યાસ બાદ પોતાના અહેવાલો અને વિસ્તૃત ભલામણો સરકારને સુપરત કરી છે. ચિંતન શિબિરના ખાસ સત્રમાં આ સમિતિઓની ભલામણો પર અધિકારીઓ દ્વારા મંથન કરવામાં આવ્યું હતું. જેમાં જૂના અને અપ્રસ્તુત મહેસૂલી કાયદા, નિયમો અને પરિપત્રોનો અભ્યાસ કરી બિનજરૂરી કાયદાઓને રીપીલ (રદ) કરવા, સુધારણાની જરૂરિયાતવાળા કાયદાઓના સ્થાને એક જ આધુનિક અને સંકલિત કાયદો તૈયાર કરવા, અસંખ્ય જૂના ઠરાવોના સ્થાને એક જ સર્વગ્રાહી અને સ્પષ્ટ ઠરાવ અમલમાં મૂકવા જેવી ભલામણો આપવામાં આવી છે. જમીન મહેસૂલ સંબંધિત વિવિધ જટિલ કાયદાઓને એક જ સંકલિત માળખામાં પરિવર્તિત કરવાથી વહીવટી તંત્રમાં સ્પષ્ટતા, સુગમતા અને એકસૂત્રતા આવશે.' જેના થકી કાયદાના અર્થઘટનમાં થતી ગેરસમજો દૂર થશે.

# ઉત્તર ઝોન જિલ્લાઓની ઉત્કૃષ્ટ મહેસૂલ કામગીરી: ડિજિટલીકરણ અને ઝડપી નિકાલનું મોડલ

## ઉત્તર ઝોનમાં મહેસૂલ વહીવટનું પરિવર્તન : નવીનતા અને લોકકેન્દ્રી અભિગમ

**ગાંધીનગર, તા. 06**

ગુજરાતના ઉત્તર ઝોનના જિલ્લાઓએ મહેસૂલ વહીવટને વધુ કાર્યક્ષમ, પારદર્શક અને લોકકેન્દ્રી બનાવવા માટે અનેક નવીન તેમજ ઉત્તમ પદ્ધતિઓ અપનાવી છે. અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર તથા નવનિર્મિત વાવ-થરાદ જિલ્લાઓએ મહેસૂલ વિભાગના કાર્યક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરીને નવો માપદંડ સ્થાપિત કર્યો છે.

મહેસૂલ વિભાગની ચિંતન શિબિર અંતર્ગત 'Best Practices' તરીકે કરવામાં આવેલી પહેલોને જણાવતા અરવલ્લી કલેક્ટર શ્રી પ્રશસ્તિ પરીકએ જણાવ્યું હતું કે, અરવલ્લી જિલ્લાએ સંતૃપ્તિ અભિયાન અંતર્ગત ODK ડિજિટલ મોડ્યુલ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે કરીને સરકારી યોજનાઓનો ૧૦૦% વ્યાપ સુનિશ્ચિત કર્યો છે. IORA અરજીઓમાં દફતરે કે નામંજૂર થતી અરજીઓનો દર ઘટાડવા પૂર્વ સ્થળ ચકાસણી અને સર્વે નંબર ઓળખની વ્યવસ્થા અમલમાં મૂકી છે. આ ઉપરાંત જિલ્લાએ ૨ વિચરતી વિમુક્ત જાતિને ૫૬ પ્લોટની જમીન ફાળવી છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૨,૦૩૫ વારસાઈ તેમજ ૧૪,૧૭૯ સમાજ સુરક્ષા અરજીઓનો ઝડપી નિકાલ કર્યો છે.

વાવ-થરાદ જિલ્લાએ મલુપુર ખાતે અત્યાધુનિક જિલ્લા સેવા સદન (One Stop Solution) સ્થાપિત કર્યું છે. સેવા-સેતુ ૨.૦ અંતર્ગત ૨૫૪ વારસાઈ કેસ પૂર્ણ કરીને ૬૨,૨૯૧ લાભાર્થીઓને લાભ આપ્યો છે. સાબરકાંઠા જિલ્લાએ ખેડબ્રહ્મા પ્રાંત કચેરીમાં મિયાવાકી પદ્ધતિથી ૨૫૦ વૃક્ષોનું નાનું વન કવચ ઊભું કરીને ગ્રીન ગવર્નન્સનું ઉત્તમ મોડલ પૂરું પાડ્યું છે, જે અંગે મુખ્યમંત્રીશ્રીએ પણ પ્રશંસા કરી છે. બનાસકાંઠા જિલ્લાએ ૩૩,૩૯૩ સર્વે નંબરોમાં સુઓમોટો નોંધ દ્વારા સત્તા પ્રકારમાં સુધારો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કર્યો છે. પડકારોને ધ્યાનમાં લઈને નીતિવિષયક સુધારાની જરૂરિયાત પણ ઊભી થઈ છે. જંત્રી દરોમાં વાર્ષિક AI આધારિત સુધારો, PHC-CHC માટે ગૌચર જમીન ફાળવણીની સત્તા કલેક્ટર સ્તરે સોંપવી, કલમ ૭૩-એએ, ૬૩-એબી, ૬૩-એડી જેવી જોગવાઈઓમાં સરળતા અને વિવેકાધીન સત્તા મામલતદાર/પ્રાંત અધિકારીને સોંપવી, શરતભંગ જમીનોને દંડ વસૂલીને નિયમબદ્ધ કરવાની જોગવાઈ તેમજ IORA પોર્ટલમાં સીટી સર્વે નંબરો (પ્રોપર્ટી કાર્ડ)નો સમાવેશ જેવા સુધારા અમલમાં આવે તો વહીવટ વધુ સરળ અને ઝડપી બની શકે. ઉત્તર ઝોનના આ જિલ્લાઓએ ડિજિટલીકરણ, સુઓમોટો અભિયાન અને ઝડપી નિકાલ દ્વારા મહેસૂલ વહીવટમાં નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. આ શ્રેષ્ઠ પદ્ધતિઓને અન્ય જિલ્લાઓમાં વિસ્તારવાથી રાજ્યવ્યાપી સુધારો થઈ શકશે. મહેસૂલ વિભાગની ચિંતન શિબિર અંતર્ગત 'Best Practices' તરીકે કરવામાં આવેલી પહેલોને જણાવતા અરવલ્લી કલેક્ટર શ્રી પ્રશસ્તિ પરીકએ જણાવ્યું હતું કે, અરવલ્લી જિલ્લાએ સંતૃપ્તિ અભિયાન અંતર્ગત ODK ડિજિટલ મોડ્યુલ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે કરીને સરકારી યોજનાઓનો ૧૦૦% વ્યાપ સુનિશ્ચિત કર્યો છે. IORA અરજીઓમાં દફતરે કે નામંજૂર થતી અરજીઓનો દર ઘટાડવા પૂર્વ સ્થળ ચકાસણી અને સર્વે નંબર ઓળખની વ્યવસ્થા અમલમાં મૂકી છે. આ ઉપરાંત જિલ્લાએ ૨ વિચરતી વિમુક્ત જાતિને ૫૬ પ્લોટની જમીન ફાળવી છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૨,૦૩૫ વારસાઈ તેમજ ૧૪,૧૭૯ સમાજ સુરક્ષા અરજીઓનો ઝડપી નિકાલ કર્યો છે.વાવ-થરાદ જિલ્લાએ મલુપુર ખાતે અત્યાધુનિક જિલ્લા સેવા સદન (One Stop Solution) સ્થાપિત કર્યું છે. સેવા-સેતુ ૨.૦ અંતર્ગત ૨૫૪ વારસાઈ કેસ પૂર્ણ કરીને ૬૨,૨૯૧ લાભાર્થીઓને લાભ આપ્યો છે. સાબરકાંઠા જિલ્લાએ ખેડબ્રહ્મા પ્રાંત કચેરીમાં મિયાવાકી પદ્ધતિથી ૨૫૦ વૃક્ષોનું નાનું વન કવચ ઊભું કરીને ગ્રીન ગવર્નન્સનું ઉત્તમ મોડલ પૂરું પાડ્યું છે, જે અંગે મુખ્યમંત્રીશ્રીએ પણ પ્રશંસા કરી છે. બનાસકાંઠા જિલ્લાએ ૩૩,૩૯૩ સર્વે નંબરોમાં સુઓમોટો નોંધ દ્વારા સત્તા પ્રકારમાં સુધારો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કર્યો છે. આ પડકારોને ધ્યાનમાં લઈને નીતિવિષયક સુધારાની જરૂરિયાત પણ ઊભી થઈ છે. જંત્રી દરોમાં વાર્ષિક AI આધારિત સુધારો, PHC-CHC માટે ગૌચર જમીન ફાળવણીની સત્તા કલેક્ટર સ્તરે સોંપવી, કલમ ૭૩-એએ, ૬૩-એબી, ૬૩-એડી જેવી જોગવાઈઓમાં સરળતા અને વિવેકાધીન સત્તા મામલતદાર/પ્રાંત અધિકારીને સોંપવી, શરતભંગ જમીનોને દંડ વસૂલીને નિયમબદ્ધ કરવાની જોગવાઈ તેમજ IORA પોર્ટલમાં સીટી સર્વે નંબરો (પ્રોપર્ટી કાર્ડ)નો સમાવેશ જેવા સુધારા અમલમાં આવે તો વહીવટ વધુ સરળ અને ઝડપી બની શકે. ઉત્તર ઝોનના આ જિલ્લાઓએ ડિજિટલીકરણ, સુઓમોટો અભિયાન અને ઝડપી નિકાલ દ્વારા મહેસૂલ વહીવટમાં નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. આ શ્રેષ્ઠ પદ્ધતિઓને અન્ય જિલ્લાઓમાં વિસ્તારવાથી રાજ્યવ્યાપી સુધારો થઈ શકશે.






# ચોથી વખત IPL ફાઇનલ અમદાવાદમાં રમાશે : વિવાદના લીધે બેંગલુરુથી મોદી સ્ટેડિયમમાં શિફ્ટ કરાઇ, ધર્મશાલા-ચંદીગઢમાં રમાશે નોકઆઉટ; 31મી મેએ ફાઇનલ

**IPL 2026ની પહેલી પ્લેઓફ એટલે કે ક્વોલિફાયર-1 ધર્મશાલાના HPCA (એચપીસીએ) સ્ટેડિયમમાં 26 મેના રોજ રમાશે. તેમાં પોઈન્ટ્સ ટેબલની ટોપ-2 ટીમો સામસામે હશે. ત્યારબાદ ટુર્નામેન્ટ ચંદીગઢના ન્યૂ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં શિફ્ટ થશે. અહીં 27 મેના રોજ એલિમિનેટર અને 29 મેના રોજ ક્વોલિફાયર-2ની મેચો રમાશે.**

**મુંબઈ, તા. 6**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ના પ્લેઓફ મુકાબલાઓનું શેડ્યૂલ જાહેર થઈ ગયું છે. તેની શરૂઆત 26 મેના રોજ ક્વોલિફાયર-1 મુકાબલાથી થશે. ટુર્નામેન્ટની ફાઈનલ 31 મેના રોજ અમદાવાદમાં રમાશે. ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) એ મંગળવારે પ્લેઓફ મુકાબલાઓની વિગતો જાહેર કરી. IPL 2026માં 5 મે સુધીમાં 48 મેચ રમાઈ ચૂકી છે. પ્લેઓફ મુકાબલાઓ 70 મેચ પછી રમાશે. ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ના પ્લેઓફ મુકાબલાઓનું શેડ્યૂલ જાહેર થઈ ગયું છે. તેની શરૂઆત 26 મેના રોજ ક્વોલિફાયર-1 મુકાબલાથી થશે. ટુર્નામેન્ટની ફાઈનલ 31 મેના રોજ અમદાવાદમાં રમાશે. ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) એ મંગળવારે પ્લેઓફ મુકાબલાઓની વિગતો જાહેર કરી. IPL 2026માં 5 મે સુધીમાં 48 મેચ રમાઈ ચૂકી છે. પ્લેઓફ મુકાબલાઓ 70 મેચ પછી રમાશે.

અમદાવાદમાં સતત બીજા વર્ષે ફાઈનલ મુકાબલો

સીઝનનો ગ્રાન્ડ ફિનાલે 31 મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. મોદી સ્ટેડિયમ સતત બીજા વર્ષે ખિતાબી મુકાબલાની મેજબાની કરશે. IPL 2025ની ફાઈનલ પણ અહીં જ રમાઈ હતી, જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ પંજાબ કિંગ્સને હરાવીને ટ્રોફી જીતી હતી. આ પહેલાં 2022 અને 2023માં પણ IPL ફાઈનલ અમદાવાદમાં રમાઈ હતી. આમ આ ચોથી વખત IPL ફાઈનલ અમદાવાદમાં રમાઈ રહી છે. સીઝનનો ગ્રાન્ડ ફિનાલે 31 મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. મોદી સ્ટેડિયમ સતત બીજા વર્ષે ખિતાબી મુકાબલાની મેજબાની કરશે. IPL 2025ની ફાઈનલ પણ અહીં જ રમાઈ હતી, જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ પંજાબ કિંગ્સને હરાવીને ટ્રોફી જીતી હતી. આ પહેલાં 2022 અને 2023માં પણ IPL ફાઈનલ અમદાવાદમાં રમાઈ હતી. આમ આ ચોથી વખત IPL ફાઈનલ અમદાવાદમાં રમાઈ રહી છે.

ધર્મશાલામાં ક્વોલિફાયર-1, ચંદીગઢને 2 મેચની યજમાની મળી

IPL 2026ની પહેલી પ્લેઓફ એટલે કે ક્વોલિફાયર-1 ધર્મશાલાના HPCA (એચપીસીએ) સ્ટેડિયમમાં 26 મેના રોજ રમાશે. તેમાં પોઈન્ટ્સ ટેબલની ટોપ-2 ટીમો સામસામે હશે. ત્યારબાદ ટુર્નામેન્ટ ચંદીગઢના ન્યૂ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં શિફ્ટ થશે. અહીં 27 મેના રોજ એલિમિનેટર અને 29 મેના રોજ ક્વોલિફાયર-2ની મેચો રમાશે.

બેંગલુરુથી અમદાવાદ શા માટે શિફ્ટ થઈ ફાઈનલ?

આ વર્ષે પ્લેઓફ માટે ત્રણ અલગ-અલગ સ્થળો પસંદ કરવામાં આવ્યા છે. પહેલા ફાઈનલની યજમાની બેંગલુરુને આપવામાં આવી હતી. જોકે, સ્થાનિક એસોસિએશન અને અધિકારીઓની કેટલીક એવી માંગણીઓ હતી જે BCCIના પ્રોટોકોલ અને ગાઈડલાઈન્સના દાયરાની બહાર હતી. આ જ કારણે સ્થળ બદલવું પડ્યું અને અમદાવાદને ફાઈનલની જવાબદારી સોંપવામાં આવી. આ વર્ષે પ્લેઓફ માટે ત્રણ અલગ-અલગ સ્થળો પસંદ કરવામાં આવ્યા છે. પહેલા ફાઈનલની યજમાની બેંગલુરુને આપવામાં આવી હતી. જોકે, સ્થાનિક એસોસિએશન અને અધિકારીઓની કેટલીક એવી માંગણીઓ હતી જે BCCIના પ્રોટોકોલ અને ગાઈડલાઈન્સના દાયરાની બહાર હતી. આ જ કારણે સ્થળ બદલવું પડ્યું અને અમદાવાદને ફાઈનલની જવાબદારી સોંપવામાં આવી.


## IPLનું ગણિત: સતત બે જીત બાદ ચેન્નઈની પ્લેઓફની આશા જીવંત, સનરાઇઝર્સ પાસે આજે નંબર-1 બનવાની તક, ઓરેન્જ કેપ મેળવા અભિષેક શર્મા મેદાનમાં ઉતરશે

**દિલ્હી, તા. 6**

ચેન્નઈ સુપર કિંગ્સે IPLમાં મંગળવારે દિલ્હી કેપિટલ્સને 8 વિકેટે હરાવી. ટીમે સિઝનમાં સતત બીજી જીત નોંધાવી. આ જીતથી સુપર કિંગ્સે પ્લેઓફની આશાઓ જીવંત રાખી છે. દિલ્હી પાસે પણ પ્લેઓફમાં પહોંચવાની તક છે. શરત એ છે કે ટીમે બાકીની તમામ મેચ જીતવી પડશે. હૈદરાબાદ પાસે ટેબલ ટોપર બનવાની તક પેટ કમિન્સની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજા સ્થાને છે. તેની પાસે 10 મેચમાં 6 જીત સાથે 12 પોઈન્ટ્સ છે. આજે સનરાઈઝર્સ પાસે પોઈન્ટ્સ ટેબલના ટોપ પર પહોંચવાની તક છે. ટીમને છેલ્લી મેચમાં કોલકાતા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે તેને 2 હોમ અને 2 અવે મેચ રમવાની છે. અહીંથી ટીમ દરેક જીત સાથે પ્લેઓફની નજીક પહોંચતી જશે.

## ખેલાડીઓએ ફ્રેન્ચ ઓપન બહિષ્કાર કરવાની ચેતવણી આપી, સબાલેન્કાએ કહ્યું- ઈનામી રકમ વધારો નહીંતર ટુર્નામેન્ટ છોડી દેશું; રેવન્યુમાં 22% હિસ્સાની માંગ

- **ઈટાલિયન ઓપન દરમિયાન 28મો જન્મદિવસ ઉજવી રહેલી આર્યના સબાલેન્કાએ કહ્યું, 'અમારા વિના કોઈ ટુર્નામેન્ટ નહીં હોય અને ન તો કોઈ મનોરંજન**



**દિલ્હી, તા. 6**

મહિલા વર્લ્ડ નંબર-1 આર્યના સબાલેન્કાએ મંગળવારે જણાવ્યું હતું કે જો ફ્રેન્ચ ઓપનમાં પ્રાઈઝ મની વધારવામાં નહીં આવે તો ખેલાડીઓ ટુર્નામેન્ટનો બહિષ્કાર કરી શકે છે. અમેરિકી સ્ટાર કોકો ગૉફે પણ આનું સમર્થન કર્યું હતું. પુરુષ વર્ગના નંબર-1 ખેલાડી જૈનિક સિનર અને ટોપ-10ના અન્ય ઘણા ખેલાડીઓએ પણ ઈનામી રકમને લઈને નારાજગી વ્યક્ત કરી છે. સબાલેન્કાનું નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે આયોજકો અને ખેલાડીઓ વચ્ચે કમાણીના વિતરણને લઈને વિવાદ વધી ગયો છે. આ વર્ષે ફ્રેન્ચ ઓપનની પ્રાઈઝ મની 9.5% વધીને 61.7 મિલિયન યુરો (686 કરોડ રૂપિયા) થઈ ગઈ છે, પરંતુ ખેલાડીઓ તેને ઓછી માને છે. ખેલાડીઓએ સોમવારે દાવો કર્યો હતો કે ટુર્નામેન્ટ રેવન્યુમાં તેમનો હિસ્સો 2024ના 15.5% થી ઘટીને 2026 સુધીમાં 14.9% થઈ શકે છે. ખેલાડીઓ રેવન્યુમાં 22% હિસ્સો ઈચ્છે છે, જે ATP અને WTAના 1000 લેવલ ટુર્નામેન્ટ્સ બરાબર છે.

અમારા વગર ટુર્નામેન્ટની મજા ઓછી થઈ જશે- આર્યના સબાલેન્કા

ઈટાલિયન ઓપન દરમિયાન 28મો જન્મદિવસ ઉજવી રહેલી આર્યના સબાલેન્કાએ કહ્યું, 'અમારા વિના કોઈ ટુર્નામેન્ટ નહીં હોય અને ન તો કોઈ મનોરંજન. મને લાગે છે કે અમે ચોક્કસપણે રેવન્યુનો વધુ ટકા મેળવવાના હકદાર છીએ.' તેણે કહ્યું, 'એક સમય એવો આવશે જ્યારે અમે તેનો બહિષ્કાર કરીશું. મને લાગે છે કે પોતાના અધિકારો માટે લડવાનો આ એકમાત્ર રસ્તો બાકી છે.

## વિનેશ ફોગાટને ડોપિંગ એજન્સીની નોટિસ : બેંગલુરુમાં ટેસ્ટ માટે ઉપલબ્ધ નહોતી, આવતીકાલ સુધીમાં જવાબ આપવો પડશે

**નિયમ અનુસાર, 'રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલ'માં સામેલ ખેલાડીઓએ દરરોજ એક કલાક એવો જણાવવો પડે છે**

**દિલ્હી, તા. 6**

10થી 12 મે દરમિયાન ગોંડામાં યોજાનારી સિનિયર ઓપન રેન્કિંગ ટુર્નામેન્ટ પહેલાં વિનેશ ફોગાટને ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સી (ITA) દ્વારા નોટિસ જારી કરવામાં આવી છે. આ નોટિસ ડોપિંગ ટેસ્ટ માટે નિર્ધારિત સમય અને સ્થળે હાજર ન રહેવાને કારણે આપવામાં આવી છે. છેલ્લા 12 મહિનામાં આ તેની આવી પહેલી ભૂલ છે. જોકે, આ ચેતવણીની તેની આગામી ટુર્નામેન્ટમાં ભાગ લેવા પર કોઈ અસર નહીં પડે. પરંતુ નિયમો અનુસાર, જો ભવિષ્યમાં આવી વધુ બે ચૂક થાય છે, તો તેમના પર બે વર્ષનો પ્રતિબંધ લગાવી શકે છે.



18 ડિસેમ્બરે ટેસ્ટ માટે પહોંચેલી ટીમ, બેંગલુરુમાં ન મળી વિનેશ ફોગાટ

ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સીની નોટિસ મુજબ, મામલો 18 ડિસેમ્બર 2025નો છે. ડોપિંગ કંટ્રોલ ઓફિસર (DCO) વિનેશ ફોગાટના જણાવેલા બેંગલુરુના સરનામે પહોંચ્યા હતા, પરંતુ તે 60 મિનિટના નિર્ધારિત ટાઈમ સ્લોટમાં ત્યાં હાજર નહોતી. નિયમ અનુસાર, 'રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલ'માં સામેલ ખેલાડીઓએ દરરોજ એક કલાક એવો જણાવવો પડે છે, જ્યારે તેઓ નોટિસ વિના ટેસ્ટ માટે ઉપલબ્ધ રહે.

# વિદેશમાં ફસાયેલી અમીષા પટેલ ભારત પરત ફરી

**મુંબઈ પહોંચતા જ એક્ટ્રેસે રાહતનો શ્વાસ લીધો, પ્રાર્થના માટે ચાહકોનો આભાર માન્યો**




**મુંબઈ, તા. 6**

બોલિવૂડ એક્ટ્રેસ અમીષા પટેલ આખરે સુરક્ષિત મુંબઈ પરત ફરી છે. તે ન્યૂયોર્કથી મુંબઈની યાત્રા કરી રહી હતી, પરંતુ ખાડી ક્ષેત્રમાં થયેલા મિસાઈલ હુમલાઓને કારણે યુએઈ (UAE)નું એરસ્પેસ અચાનક બંધ કરી દેવામાં આવ્યું. આ કારણે તેની ફ્લાઈટને અધવચ્ચે રસ્તેથી જ ઓમાનના મસ્કટ શહેર તરફ ડાયવર્ટ કરવી પડી. ત્યાં લગભગ 24 કલાકથી વધુ સમય સુધી ફસાયા રહ્યા પછી તે સોમવારે પોતાના ઘરે પહોંચી.

અમીષા પટેલે ઘરે પરત ફરવાની માહિતી આપી.

દુબઈમાં લેન્ડિંગના બરાબર પહેલા હુમલાની સૂચના મળી

અમીષા એમિરેટ્સની ફ્લાઈટથી ન્યૂયોર્કથી દુબઈ થઈને મુંબઈ આવી રહી હતી. જ્યારે તેનું પ્લેન દુબઈમાં લેન્ડ થવાનું જ હતું, ત્યારે યુએઈ ઓથોરિટીઝે હવાઈ ક્ષેત્રને સંપૂર્ણપણે બંધ કરવાનો આદેશ જારી કર્યો. આનું કારણ ક્ષેત્રમાં થયેલા તાજા મિસાઈલ અને ડ્રોન હુમલાઓ જણાવવામાં આવી રહ્યા છે. સુરક્ષા કારણોસર પાયલટને ફ્લાઈટનો માર્ગ મસ્કટ તરફ વાળવો પડ્યો, જેના કારણે યાત્રીઓ વચ્ચે લાંબા સમય સુધી અનિશ્ચિતતા રહી.

અમીષા પટેલે ફ્લાઈટ ડાયવર્ટ થવાની માહિતી આપી હતી.

'યુદ્ધ ક્યારે પૂરું થશે?' અમીષાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર પોતાનો આ તણાવપૂર્ણ અનુભવ શેર કર્યો. તેણે લખ્યું, 'દુબઈમાં લેન્ડ કરવાના જ હતા કે મિસાઈલ હુમલાઓને કારણે એરસ્પેસ બંધ થઈ ગયું. અમને મસ્કટ મોકલી દેવામાં આવ્યા છે અને હવે અમે આગામી અપડેટની રાહ જોઈ રહ્યા છીએ. આ યુદ્ધ ક્યારે પૂરું થશે! હું પ્રાર્થના કરી રહી છું.' તેની સાથે ડીજે ચેતસ અને પ્રોડ્યુસર કુણાલ ગૂમર પણ યાત્રા કરી રહ્યા હતા. એરપોર્ટ લાઉન્જમાં લાંબો સમય વિતાવ્યા બાદ તેણે એક ફોટો શેર કરીને જણાવ્યું કે, તેને સફર શરૂ કર્યાને 24 કલાકથી વધુ સમય થઈ ગયો છે.

અમીષા પટેલે ડીજે ચેતસ અને પ્રોડ્યુસર કુણાલ ગૂમર સાથેનો ફોટો શેર કર્યો હતો.

ખાડી દેશોમાં વધતા તણાવથી પરિસ્થિતિ બગડી

મિસાઈલ હુમલાના સમાચારો બાદ સમગ્ર ખાડી ક્ષેત્રમાં તણાવની સ્થિતિ પ્રવર્તી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, ઈરાન અને યુએઈ વચ્ચે સંઘર્ષ વધવાને કારણે તેલના ઠેકાણાઓ અને મહત્વપૂર્ણ શિપિંગ રૂટ્સને નિશાન બનાવવામાં આવ્યા છે. આને કારણે એરસ્પેસ બંધ કરવું પડ્યું, જેની અસર આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પડી. મુંબઈ પહોંચ્યા બાદસ અમીષાએ રાહતનો શ્વાસ લીધો અને ચાહકોનો આભાર માનતા લખ્યું, 'આખરે મુંબઈ!!! આપ સૌની પ્રાર્થનાઓ માટે આભાર.'

## સલમાન સાથે ટકરાશે પ્રભાસ, 'સ્પિરિટ' પર આવ્યું મોટું અપડેટ : ઈદ વીકએન્ડ મુકાબલાની ચર્ચા, બંને સુપરસ્ટાર્સની ફિલ્મો પર ઈન્ડસ્ટ્રીની નજર



**મુંબઈ, તા. 6**

સાઉથ સુપરસ્ટાર પ્રભાસની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સ્પિરિટ'ને લઈને ચાલી રહેલી અટકળો પર મેકર્સે અપડેટ જાહેર કર્યું છે. સોશિયલ મીડિયા પર સમાચાર હતા કે ફિલ્મની રિલીઝ ડેટ આગળ વધી શકે છે. ઓફિશિયલ નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે 'સ્પિરિટ' નિર્ધારિત સમય પર જ રિલીઝ થશે.

મેકર્સ અનુસાર, 'સ્પિરિટ' 5 માર્ચ 2027ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. પ્રોડક્શન ટીમે જણાવ્યું કે ફિલ્મનું કામ પ્લાન મુજબ આગળ વધી રહ્યું છે. રિલીઝ ડેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચા હતી કે પ્રભાસની આ ફિલ્મ સલમાન ખાનની ઈદ 2027 પર રિલીઝ થનારી ફિલ્મ SVC63 (વર્કિંગ ટાઈટલ) સાથે ટકરાઈ શકે છે. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે મેકર્સ બોક્સ ઓફિસ ટકરાવ ટાળવા માટે 'સ્પિરિટ'ને ડિસેમ્બર 2027 સુધી મુલતવી રાખવાનું વિચારી રહ્યા છે. હવે મેકર્સના નિવેદન બાદ સ્પષ્ટ છે કે ફિલ્મ નિર્ધારિત તારીખે જ રિલીઝ થશે.

'સ્પિરિટ'ને મોટા પાયે તૈયાર કરવામાં આવી રહી છે. તેને પેન-વર્લ્ડ એક્શન એન્ટરટેઈનર તરીકે વર્ણવવામાં આવી રહી છે. ફિલ્મમાં પ્રભાસ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ડિરેક્શનની કમાન સંદીપ રેડ્ડી વાંગા સંભાળી રહ્યા છે. આ પહેલા સંદીપ અને પ્રોડ્યુસર ભૂષણ કુમારની જોડીએ બ્લોકબસ્ટર ફિલ્મ આપી છે.

ફિલ્મમાં તૃપ્તિ ડિમરી, વિવેક ઓબેરોય અને ઐશ્વર્યા દેસાઈ પણ મહત્વની ભૂમિકાઓમાં જોવા મળશે. 'સ્પિરિટ' 8 ભાષાઓમાં રિલીઝ કરવામાં આવશે.

# 'ખતરોં કે ખિલાડી'માં ગૌરવ ખન્નાની એન્ટ્રી

**'બિગ બોસ 19' વિજેતાએ કહ્યું, 'વિચાર્યા વિના કોર્પોરેટ નોકરી છોડીને એક્ટર બન્યો, હવે નિષ્ફળતાનો કોઈ ડર નથી'**

**મુંબઈ, તા. 6**

'બિગ બોસ 19' વિજેતા ગૌરવ ખન્ના આ દિવસોમાં સ્ટંટ આધારિત રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'ને લઈને ચર્ચામાં છે. દિવ્ય ભાસ્કર સાથેની ખાસ વાતચીતમાં ગૌરવે પોતાના જીવનના સંઘર્ષો, મુંબઈ આવવાની સફર અને કોઈ ગોડફાધર વગર સ્થાન હાંસલ કરવા વિશે ખૂલીને વાત કરી. તેણે જણાવ્યું કે, 22 વર્ષ પહેલા જ્યારે તે કોઈ પ્લાન વગર કાનપુરથી પુષ્પક એક્સપ્રેસ પકડીને મુંબઈ આવ્યો હતો, ત્યારથી લઈને અત્યાર સુધી તેનામાં શું બદલાવ આવ્યા છે. આ સાથે જ ગૌરવે નવા શોને લઈને પરિવારની પ્રતિક્રિયા, રોહિત શેટ્ટી સાથે કામ કરવાનો અનુભવ અને જીવનમાં જોખમ લેવાની પોતાની આદત પર પણ ચર્ચા કરી.

ગૌરવ ખન્ના 'સેલિબ્રિટી માસ્ટર શેફ'ની ટ્રોફી જીત્યા બાદ 'બિગ બોસ 19'નો વિજેતા પણ બન્યો હતો.




પ્રશ્ન: 'ખતરોં કે ખિલાડી' માં ભાગ લેવા જઈ રહ્યા છો, ચાહકોને તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ છે? જવાબ: ખૂબ સારું લાગે છે જ્યારે દર્શકો આટલો વિશ્વાસ બતાવે છે. પાછલા રિયાલિટી શો (બિગ બોસ) માં લોકોએ મને મારા અસલી રૂપમાં જોયો. અત્યાર સુધી તેઓ મને ફક્ત પાત્રોથી જાણતા હતા, પરંતુ હવે તેઓ અસલી ગૌરવ (જીકે) ને જાણે છે. મારો આ જ પ્રયાસ રહેશે કે, હું તેમની અપેક્ષાઓ પર ખરો ઉતરું અને તેમને મનોરંજન કરતો રહું.

પ્રશ્ન: આ શોમાં જીકે (ગૌરવ ખન્ના) શું ખાસ કરવાના છે? જવાબ: જીકે આ શોમાં સ્ટંટ કરશે. જીકે જે પણ શોમાં જાય છે, ત્યાં જે પણ જરૂરિયાત હોય છે, તે ચોક્કસ પૂરી કરે છે.

પ્રશ્ન: શો માટે તમારી શું તૈયારી છે? જવાબ: હું ક્યારેય કંઈ વિચારીને જતો નથી. હું મારી જાતને તે પરિસ્થિતિમાં મૂકું છું અને જરૂરિયાત મુજબ પ્રદર્શન કરવાનો પ્રયાસ કરું છું. મને સ્ટંટ્સનો કોઈ અનુભવ નથી, હું પહેલીવાર આ બધું કરી રહ્યો છું.

પ્રશ્ન: શોની ઓફર આવતા ઘરના સભ્યોની કેવી પ્રતિક્રિયા હતી? જવાબ: મારા માતા-પિતા કાનપુરમાં રહે છે અને ખૂબ જ સાધારણ લોકો છે. જ્યારે મારી માતાને ખબર પડી ત્યારે તે ચિંતિત થઈ ગયાં. તેમણે કહ્યું- 'તું શા માટે જઈ રહ્યો છે? તને શું જરૂર છે, કરિયર તો સારું ચાલી રહ્યુ છે.' તેમણે આવું જ 'માસ્ટરશેફ' અને 'બિગ બોસ'ના સમયે પણ કહ્યું હતું. મેં તેમને આ વખતે પણ જણાવ્યું ન હતું. સાચું કહું તો, શોનો કોન્ટ્રાક્ટ સાઈન કરનાર હું સૌથી છેલ્લો વ્યક્તિ હતો.

# પ્રભાસની ફિલ્મ 'ફૌજી'નું શૂટિંગ રોકાયું

- **રોડ અકસ્માતમાં એક ક્રૂ મેમ્બરનું મોત, પાંચ ઘાયલ; શૂટિંગ કરવા જતી કાર ડિવાઈડર સાથે અથડાઈ**



**મુંબઈ, તા. 6**

સાઉથ સુપરસ્ટાર પ્રભાસની આગામી ફિલ્મ 'ફૌજી'ના સેટ પરથી દુઃખદ સમાચાર આવ્યા. હૈદરાબાદ નજીક રોડ અકસ્માતમાં ફિલ્મ યુનિટના એક સભ્યનું મૃત્યુ થયું. અન્ય પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું જણાવાયું છે. અકસ્માત બાદ ફિલ્મનું શૂટિંગ હાલ પૂરતું રોકી દેવામાં આવ્યું છે. 'ફૌજી'નું પોસ્ટર

'બોલિવૂડ હંગામા'ના રિપોર્ટ અનુસાર, ફિલ્મ ક્રૂનું વાહન મંગળવારે સવારે રામોજી ફિલ્મ સિટી જઈ રહ્યું હતું. હૈદરાબાદ-વિજયવાડા હાઈવે પર અબ્દુલ્લાપુરમેટ નજીક વાહન અનિયંત્રિત થઈને સિમેન્ટ ડિવાઈડર સાથે અથડાયું. ટક્કરમાં એક ક્રૂ મેમ્બરનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. પાંચ ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. સ્થાનિક પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી દીધી છે. પ્રાથમિક તપાસમાં ઓવરસ્પીડિંગ અને ડ્રાઈવર દ્વારા નિયંત્રણ ગુમાવવાની આશંકા છે. પોલીસ તમામ એંગલથી તપાસ કરી રહી છે. આ અકસ્માત ચાઉટુપ્પલ પોલીસ સ્ટેશન વિસ્તારના ટૂપ્રાનપેટ બ્રિજ પાસે થયો હતો. અકસ્માત બાદ નિર્દેશક હનુ રાઘવપુડી અને પ્રોડક્શન હાઉસે શૂટિંગ અસ્થાયી રૂપે રોકવાનો નિર્ણય લીધો છે. મેકર્સ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. 'ફૌજી'નું શૂટિંગ લગભગ 80 ટકા પૂર્ણ થઈ ગયું છે. કેટલાક મોટા એક્શન સિક્વન્સ બાકી છે.

## આ વર્ષે ₹18 હજાર મોંઘુ થયું, ચાંદી આજે ₹6 હજાર વધીને ₹2.46 લાખ પ્રતિ કિલોએ પહોંચી

# સોનું ₹3 હજાર વધીને ₹1.51 લાખ પર પહોંચ્યું

### 2026માં સોનું અત્યાર સુધીમાં 18 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું

**નવી દિલ્હી, તા. 06**

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 6 મેના રોજ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 3 હજાર રૂપિયા વધીને 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તે 1.48 લાખ રૂપિયા પર હતું. જ્યારે એક કિલો ચાંદી 6 હજાર રૂપિયા વધીને 2.46 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા તે 2.40 લાખ રૂપિયા પર હતી. 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો. સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 6 મેના રોજ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 3 હજાર રૂપિયા વધીને 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તે 1.48 લાખ રૂપિયા પર હતું. જ્યારે એક કિલો ચાંદી 6 હજાર રૂપિયા વધીને 2.46 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા તે 2.40 લાખ રૂપિયા પર હતી. 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો.

આ વર્ષે સોનું 18 હજાર અને ચાંદી 16 હજાર રૂપિયા મોંઘી

2026માં સોનું અત્યાર સુધીમાં 18 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ વર્ષે ચાંદી 16 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025 ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.46 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

અસલી ચાંદી ઓળખવાની 4 રીતો

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકને ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો ડાઘ આવે તો અસલી છે.



# IT કંપની કોગ્નિઝેન્ટમાં છટણીની તૈયારી

### દુનિયાભરમાં 15 હજાર કર્મચારીઓને છૂટા કરાશે, ભારતમાં સૌથી વધુ લોકોની નોકરી જશે

**નવી દિલ્હી, તા. 06**

આઈટી સેક્ટરની મોટી કંપની કોગ્નિઝેન્ટ પોતાના વર્કફોર્સમાં મોટો ઘટાડો કરવા જઈ રહી છે, જેનાથી દુનિયાભરમાં 15,000થી વધુ કર્મચારીઓ પર અસર પડી શકે છે. મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, આ છટણીમાં ભારતમાં સૌથી વધુ કર્મચારીઓની નોકરીઓ જશે, જે ઓરેકલ અને એમેઝોન પછી આ વર્ષની સૌથી મોટી ટેક છટણી માનવામાં આવી રહી છે. કોગ્નિઝેન્ટના કુલ 3.57 લાખથી વધુ કર્મચારીઓમાંથી 2.50 લાખ કર્મચારીઓ ભારતમાં કામ કરે છે. જોકે, કંપનીએ છટણીની ચોક્કસ સંખ્યાની હજુ જાહેરાત કરી નથી, પરંતુ રિપોર્ટ અનુસાર, 12,000 થી 15,000 ની વચ્ચે નોકરીઓ જઈ શકે છે. ભારત કંપનીનું સૌથી મોટું વર્કફોર્સ હબ છે, તેથી અહીં અસર પણ સૌથી વધુ થવાની સંભાવના છે. કંપનીએ છટણીનો અંદાજ 'પ્રોજેક્ટ લીપ' હેઠળ નિર્ધારિત બજેટના આધારે




લગાવ્યો છે. 29 એપ્રિલે ત્રિમાસિક પરિણામોની જાહેરાત દરમિયાન, કોગ્નિઝન્ટે જણાવ્યું હતું કે તે સેવરન્સ કોસ્ટ (કર્મચારીઓને દૂર કરતી વખતે આપવામાં આવતું વળતર) પર 230 મિલિયન ડોલરથી 320 મિલિયન ડોલર ખર્ચ કરવાની અપેક્ષા રાખે છે. આમાં કર્મચારીઓને આપવામાં આવતું વળતર અને અન્ય લાભો શામેલ છે.

# અઠવાડિયામાં વીવો-વનપ્લસ સહિત 4 મોબાઈલ લોન્ચ થશે

### 200 મેગાપિક્સલ કેમેરા સાથે AI ફીચર્સ, 6.3 ઈંચની સ્ક્રીન; જાણો કિંમત

**નવી દિલ્હી, તા. 06**

ભારતમાં મે મહિનાના પહેલા અઠવાડિયામાં 4 નવા સ્માર્ટફોન લોન્ચ થશે. 5થી 9 મે વચ્ચે વનપ્લસ અને વીવો પોતાના નવા ડિવાઈસ લોન્ચ કરશે. આ ફોન્સમાં AI ફીચર્સ સાથે 200 મેગાપિક્સલનો કેમેરા અને 6.3-ઈંચ સ્ક્રીન જેવા ફીચર્સ મળશે. તેમની કિંમત 25,000 રૂપિયાથી લઈને 1.50 લાખ રૂપિયા સુધી હશે. આ અઠવાડિયે ભારતમાં લોન્ચ થનારા સ્માર્ટફોન્સની વિગતો જાણો.

વીવો X300 FE

વીવો X300 FE થી મે મહિનાની શરૂઆત થશે. આ મોબાઈલ 6 મેના રોજ ભારતમાં લોન્ચ થશે જે ક્વોલકોમ સ્નેપડ્રેગન 8 જનરલ 5 પ્રોસેસર સાથે આવશે.

ડિસ્પ્લે અને કેમેરા: તેમાં 6.31-ઈંચની 1.5K AMOLED સ્ક્રીન મળશે. તેના બેક પેનલ પર ત્રણ કેમેરા છે, જેમાં 50MPનો મેઈન સેન્સર (OIS સાથે), 50MPનો પેરિસ્કોપ લેન્સ અને 8MPનો અલ્ટ્રા-વાઈડ લેન્સ સામેલ છે. સેલ્ફી માટે પણ 50MPનો ફ્રન્ટ કેમેરા મળશે.

બેટરી અને ચાર્જિંગ: લાંબા બેકઅપ માટે તેમાં 6500mAhની મોટી બેટરી આપવામાં આવી છે. તેને ચાર્જ કરવા માટે 90Wની ફાસ્ટ ચાર્જિંગ અને 40Wની વાયરલેસ ચાર્જિંગનો સપોર્ટ મળશે.

વીવો X300 અલ્ટ્રા



વીવો 6 મેના રોજ જ ભારતમાં X300 અલ્ટ્રા લોન્ચ કરશે, જે આ સિરીઝનો સૌથી શક્તિશાળી કેમેરા ફોન બનીને આવશે.

કેમેરા: તેમાં 200MPનો મુખ્ય કેમેરા, 50MP વાઈડ-એંગલ અને 50MP પેરિસ્કોપ લેન્સ સાથે ટ્રિપલ સેટઅપ છે. સેલ્ફી માટે 50MP કેમેરા અને પ્રોફેશનલ ફોટોગ્રાફી માટે ZEISS અલ્ટ્રા કિટનો સપોર્ટ પણ મળશે.

# સેમસંગ-ઈલેક્ટ્રોનિક્સની માર્કેટ વેલ્યુ 1 ટ્રિલિયન ડોલર પાર


**નવી દિલ્હી, તા. 06**

સાઉથ કોરિયાની દિગ્ગજ કંપની સેમસંગ ઈલેક્ટ્રોનિક્સની માર્કેટ વેલ્યુ 1 ટ્રિલિયન ડોલર એટલે કે લગભગ 95.08 લાખ કરોડ રૂપિયાને પાર થઈ ગઈ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ચિપ્સની વધતી માંગને કારણે દુનિયાની આ સૌથી મોટી મેમરી ચિપ મેકર કંપનીના શેરોમાં છેલ્લા એક વર્ષમાં લગભગ 400%નો ઉછાળો આવ્યો છે. બુધવારે કારોબાર દરમિયાન સેમસંગના શેરોમાં 15%નો ઉછાળો આવ્યો છે. આ સાથે જ તાઈવાનની TSMC પછી સેમસંગ આ મુકામ મેળવનારી એશિયાની બીજી કંપની બની ગઈ છે. સેમસંગના શેરોમાં આવેલી આ તેજીની અસર સાઉથ કોરિયાના બેન્ચમાર્ક ઈન્ડેક્સ કોસ્પી (Kospi) પર પણ જોવા મળી, તે 7,400ના સ્તરને પાર થઈ ગયો. સેમસંગની સાથે-સાથે એસકે હાઈનિક્સ (SK Hynix) અને ટીએસએમસી (TSMC) જેવી કંપનીઓ ગ્લોબલ AI ઈકોસિસ્ટમમાં એશિયાને એક મુખ્ય કેન્દ્ર તરીકે સ્થાપિત કરી રહી છે. સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં દબદબો અને ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધતા રોકાણે રોકાણકારોને ચિપમેકર્સ તરફ આકર્ષિત કર્યા છે. આ જ ટ્રેન્ડને કારણે ટેકનોલોજી સ્ટોક્સમાં ભારે તેજી જોવા મળી રહી છે.

# સેન્સેક્સ 941 અંક વધીને 77,959ના સ્તરે બંધ : નિફ્ટી પણ 298 અંક વધ્યો, ફાર્મા અને સરકારી બેન્કિંગ શેર્સ સૌથી વધુ વધ્યા

**નવી દિલ્હી, તા. 06**

ભારતીય શેરબજારમાં આજે એટલે કે બુધવાર, 6 મેના રોજ તેજી જોવા મળી. સેન્સેક્સ 941 પોઈન્ટના ઉછાળા સાથે 77,959 ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 298 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,331 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 21માં તેજી અને 9માં ઘટાડો જોવા મળ્યો. ઓટો, ફાઈનાન્સિયલ સર્વિસિસ, ફાર્મા, બેન્કિંગ અને રિયલ્ટી શેરોમાં 2% થી વધુનો વધારો રહ્યો. ભારતીય શેરબજારમાં આજે એટલે કે બુધવાર, 6 મેના રોજ તેજી જોવા મળી. સેન્સેક્સ 941 પોઈન્ટના ઉછાળા સાથે 77,959 ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 298 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,331 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 21માં તેજી અને 9માં ઘટાડો જોવા મળ્યો. ઓટો, ફાઈનાન્સિયલ સર્વિસિસ, ફાર્મા, બેન્કિંગ અને રિયલ્ટી શેરોમાં 2% થી વધુનો વધારો રહ્યો.




શેરબજારમાં તેજીના ત્રણ મોટા કારણો

મિડલ-ઈસ્ટમાં શાંતિની આશા: અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામને લઈને સકારાત્મક સમાચાર આવી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા શાંતિ સમજૂતીના સંકેત આપવાથી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો: તણાવ ઓછો થવાની આશા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી જહાજોની અવરજવર શરૂ કરવાના પ્રોજેક્ટ ફ્રીડમની જાહેરાતથી ક્રૂડ ઓઈલના ભાવ 110 ડોલરથી નીચે આવી ગયા છે, જે ભારત જેવા તેલ આયાતકાર દેશ માટે મોટી રાહત છે. વૈશ્વિક બજારોમાં મજબૂતી: અમેરિકી બજારો (S&P 500 અને Nasdaq) રેકોર્ડ હાઈ પર બંધ થવા અને એશિયન બજારો જેવા કે - કોસ્પી (સાઉથ કોરિયા), નિક્કેઈ (જાપાન) અને હેંગસેંગ (હોંગકોંગ) માં તેજીની અસર ભારતીય બજાર પર પણ જોવા મળી છે.

મંગળવારે સેન્સેક્સ 251 પોઈન્ટ ઘટીને બંધ થયો હતો

મંગળવાર, 5 મેના રોજ સેન્સેક્સ 251 પોઈન્ટ (0.33%)ના ઘટાડા સાથે 77,017 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 86 પોઈન્ટ (0.36%) ઘટીને 24,032ના સ્તરે બંધ થયો હતો. કારોબારમાં ઓટો અને FMCG શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી હતી, જ્યારે રિયલ્ટી શેરોમાં સૌથી વધુ વેચાણ જોવા મળ્યું હતું.

# ઇમ્પેક્ટ ફીચર

# એફોર્ડેબલ હોમ લોન તમારા ઘરના ઘરનું સપનું પૂરું કરશે, ઓછા દસ્તાવેજ જોઈશે અને પ્રોસેસ પણ સરળ

### એફોર્ડેબલ હોમ લોન - ઘરની માલિકીની એક્સેસનો વિસ્તાર કરવો, સંભવ હોમ લોન સાથે સમાવિષ્ટ હોમઓનરશિપને સહાયતા આપવી

**વોશિંગ્ટન ડીસી તા. 06**

પોતાનું ઘર હોવું એ ફક્ત નાણાકીય રોકાણ નથી; તે એક એવી જગ્યા વિશે છે જે ખરેખર તમારા પોતાના જેવી લાગે છે. પરંતુ મિલકતના વધતા ભાવો સાથે, ઘરની માલિકી ઘણીવાર ઘણા લોકો માટે પહોંચની બહાર હોય છે. આવા સમયે જ યોગ્ય નાણાકીય સહાય અર્થપૂર્ણ બની શકે છે, જે મહત્વાકાંક્ષા અને પોસાય તેવા ભાવો વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરે છે. એફોર્ડેબલ હોમ લોન સાથે, ઘરની માલિકી સમાજના ઘણા વ્યાપક વર્ગ માટે એક પ્રાપ્ત કરી શકાય તેવું સીમાચિહ્નરૂપ બની રહી છે.

ફ્લેક્સિબલ પાત્રતા ધોરણો, ન્યૂનતમ દસ્તાવેજીકરણ અને સરળ અરજી પ્રક્રિયા દ્વારા બધા માટે હાઉસિંગ ફાઈનાન્સ સુલભ બનાવવા માટે આ સસ્તી હોમ લોન ડિઝાઈન કરવામાં આવી છે. શહેરી ભારતમાં સતત વિસ્તરણ થઈ રહ્યું છે અને નવી હાઉસિંગ તકો ઊભી થઈ રહી છે. આવક પેટર્નમાં વિવિધતાને ધ્યાનમાં રાખીએ તો, ઘણા વ્યક્તિઓ નાના વ્યવસાયો, સ્વ-રોજગાર અથવા રોકડ-આધારિત કાર્ય દ્વારા કમાણી કરે છે, પરંપરાગત ધિરાણ માળખા હંમેશા આવા પ્રોફાઈલ્સને સમાવી શકતા નથી. સસ્તી હોમ લોન વ્યવહારુ આવકની વાસ્તવિકતાઓ સાથે લોન માળખાને સંરેખિત કરીને આ અંતરને દૂર કરે છે. આ પરિવર્તન ધીમે ધીમે હાઉસિંગ ફાઈનાન્સને વધુ સમાવિષ્ટ અને આધુનિક આર્થિક પેટર્ન સાથે સંરેખિત બનાવી રહ્યું છે.

સસ્તી હાઉસિંગ ફાઈનાન્સમાં એક મહત્વપૂર્ણ વિકાસ એ ઉકેલો છે જે ખાસ કરીને પછાત અથવા અસંગઠિત સેગમેન્ટ પૂરી કરે છે. બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરફથી સંભવ હોમ લોન આવી જ એક ઓફર છે.

### શહેરી ભારતમાં એફોર્ડેબલ હોમ લોન કેમ મહત્વપૂર્ણ છે

શહેરી ભારતમાં સતત વિસ્તરણ થઈ રહ્યું છે અને નવી હાઉસિંગ તકો ઊભી થઈ રહી છે. આવક પેટર્નમાં વિવિધતાને ધ્યાનમાં રાખીએ તો, ઘણા વ્યક્તિઓ નાના વ્યવસાયો, સ્વ-રોજગાર અથવા રોકડ-આધારિત કાર્ય દ્વારા કમાણી કરે છે, પરંપરાગત ધિરાણ માળખા હંમેશા આવા પ્રોફાઈલ્સને સમાવી શકતા નથી. સસ્તી હોમ લોન વ્યવહારુ આવકની વાસ્તવિકતાઓ સાથે લોન માળખાને સંરેખિત કરીને આ અંતરને દૂર કરે છે. આ પરિવર્તન ધીમે ધીમે હાઉસિંગ ફાઈનાન્સને વધુ સમાવિષ્ટ અને આધુનિક આર્થિક પેટર્ન સાથે સંરેખિત બનાવી રહ્યું છે.

### સંભવ હોમ લોન સાથે સમાવિષ્ટ હોમઓનરશિપને સહાયતા આપવી

સસ્તી હાઉસિંગ ફાઈનાન્સમાં એક મહત્વપૂર્ણ વિકાસ એ ઉકેલો છે જે ખાસ કરીને પછાત અથવા અસંગઠિત સેગમેન્ટ પૂરી કરે છે. બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરફથી સંભવ હોમ લોન આવી જ એક ઓફર છે. સંભવ હોમ લોન અસંગઠિત ક્ષેત્રના વ્યક્તિઓ, જેમાં સૂક્ષ્મ ઉદ્યોગસાહસિકો, નાના વ્યવસાય માલિકો અને સ્વ-રોજગાર વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે.



# પબ્લિક વાઈ-ફાઈનો સમગ્ર દેશમાં એક જ પાસવર્ડ હશે

**નવી દિલ્હી, તા. 06**

સરકાર PM-વાણીની નિષ્ફળતામાંથી બોધપાઠ લઈને એક નવી અને અદ્યતન પબ્લિક વાઈ-ફાઈ સિસ્ટમ લાવવાની તૈયારી કરી રહી છે. આ નવી વ્યવસ્થાનો ઉદ્દેશ્ય યુઝર અનુભવને બહેતર બનાવવાનો અને ડિજિટલ ચુકવણીને વધુ સુરક્ષિત બનાવવાનો છે.

હવે યુઝર્સને દરેક હોટસ્પોટ માટે અલગ OTPની જરૂર નહીં પડે. દેશભરમાં ફેલાયેલા 4 લાખ હોટસ્પોટ પર એક જ OTP કે પાસવર્ડથી લોગિન કરી શકાશે. દૂરસંચાર નિયામક (TRAI) એ આનો પરામર્શ-પત્ર જારી કરીને લોકો પાસેથી સૂચનો મંગાવ્યા છે.

સાર્વજનિક વાઈ-ફાઈને સુરક્ષિત બનાવવા માટે 'વાઈ-ફાઈ પ્રોટેક્ટેડ એક્સેસ 3' જેવા ધોરણો લાગુ પડશે. આનાથી ભીડભાડવાળા વિસ્તારોમાં પણ સુરક્ષિત UPI અને ડિજિટલ પેમેન્ટ માટે વધારાનું સુરક્ષા કવચ મળશે.

કમાણીનું મોડેલ બનાવવાનો હેતુ

પેપર મુજબ, હાલની વાઈફાઈ સિસ્ટમ એટલા માટે ચાલી નહીં કારણ કે તે યુઝરની જરૂરિયાત બની શકી નહીં. સાથે જ ઓપરેટરની કમાણી પણ થઈ નહીં. તેથી સરકાર પ્રસ્તાવિત વાઈફાઈ સિસ્ટમને ઓપરેટર માટે કમાણીનું મોડેલ બનાવવા માંગે છે.

આ માટે જાહેરાત-આધારિત મોડેલ, પેઈડ પ્લાન અને સબસિડી (વાયબિલિટી ગેપ ફંડિંગ) જેવા વિકલ્પો આપવામાં આવશે.

'કોમ્યુનિટી વાઈ-ફાઈ' મોડેલ લાગુ પડશે

શહેરોમાં હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને ગામડાઓમાં ઓછી કિંમતવાળું 'કોમ્યુનિટી વાઈ-ફાઈ' મોડેલ લાગુ પડશે. દેશની 140 કરોડની વસ્તીમાં હાલમાં માત્ર 2% લોકો પબ્લિક વાઈ-ફાઈનો ઉપયોગ કરે છે.

# ચોથા ક્વાર્ટરમાં PNBનો નફો 14% વધીને ₹5,225 કરોડ : ₹3 ડિવિડન્ડની જાહેરાત

**મુંબઈ, તા. 06**

પંજાબ નેશનલ બેંક (PNB) એ 5 મેના રોજ નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. બેંકનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 14% વધીને 5,225 કરોડ થયો છે, જે ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં 4,567 કરોડ હતો. જ્યારે પાછલા ક્વાર્ટરમાં તે 5,100 કરોડ હતો. સમગ્ર નાણાકીય વર્ષ એટલે કે 2025-26 માં PNBનો નફો 1.64% વધીને 16904 કરોડ થયો. એક વર્ષ પહેલા એટલે કે નાણાકીય વર્ષ 2024-2025 માં બેંકનો નફો 16630 કરોડ રહ્યો હતો.



શેર દીઠ 3 ડિવિડન્ડની ભલામણ

બેંકે પરિણામોની સાથે નાણાકીય વર્ષ 2026 માટે શેર દીઠ 3 ના ડિવિડન્ડની ભલામણ કરી છે. આ 2 ની ફેસ વેલ્યુવાળા શેર પર 150% નું ચુકવણું છે. આ અંગેનો અંતિમ નિર્ણય આગામી વાર્ષિક સામાન્ય સભા (AGM) માં શેરધારકોની મંજૂરી બાદ લેવામાં આવશે.

વ્યાજમાંથી થતી આવક અને પ્રોવિઝનિંગ

બેંકની ચોખ્ખી વ્યાજ આવક (NII) માં આ વખતે ઘટાડો થયો છે. વાર્ષિક ધોરણે તે 4% ઘટીને 10,380 કરોડ પર આવી ગઈ છે, જે ગયા વર્ષે 10,757 કરોડ હતી.

# રેન્જ રોવર SVની કિંમતમાં ₹75 લાખનો ઘટાડો : સ્પોર્ટ્સ મોડેલ પણ ₹40 લાખ સસ્તું થયું, ભારત-યુકે ટ્રેડ ડીલની અસર; જાણો નવી કિંમત

**મુંબઈ, તા. 06**

જગુઆર લેન્ડ રોવર (JLR) ઈન્ડિયાએ બ્રિટનથી ઈમ્પોર્ટ થતી તેની સૌથી પ્રીમિયમ SUV 'રેન્જ રોવર SV'ની કિંમત 75 લાખ રૂપિયા ઘટાડી દીધી છે, જેના પછી હવે તેની એક્સ-શોરૂમ કિંમત 3.5 કરોડ રૂપિયા થઈ ગઈ છે. પહેલા તેની કિંમત 4.25 કરોડ રૂપિયા હતી. આ ઘટાડો ભારત અને બ્રિટન વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ લાગુ થતા પહેલા કરવામાં આવ્યો છે. કંપનીએ રેન્જ રોવર સ્પોર્ટ SV એડિશન ટુની કિંમતમાં પણ 40 લાખ રૂપિયાનો ઘટાડો કર્યો છે, જે હવે 2.35 કરોડ રૂપિયામાં મળશે. નવી કિંમતો તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવી છે. 27 જાન્યુઆરીના રોજ PM મોદી, યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેનની હાજરીમાં ભારત-EU FTA પર હસ્તાક્ષર થયા. યુરોપિયન યુનિયન (EU)ના વિદેશ નીતિ પ્રમુખ કાજા કાલાસ અને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે 'ભારત-EU સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી' કરાર પર સહી કરી હતી. 27 જાન્યુઆરીના રોજ PM મોદી, યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેનની હાજરીમાં ભારત-EU FTA પર હસ્તાક્ષર થયા. યુરોપિયન યુનિયન (EU)ના વિદેશ નીતિ પ્રમુખ કાજા કાલાસ અને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે 'ભારત-EU સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી' કરાર પર સહી કરી હતી. ભારત અને બ્રિટન વચ્ચે 24 જુલાઈ 2025ના રોજ વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ બ્રિટનથી સંપૂર્ણપણે બનીને આવતી (CBU) મોટી કારો પર આયાત ડ્યુટીને 110%થી ઘટાડીને પહેલા વર્ષમાં 30% કરી દેવામાં આવશે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ઉચ્ચ લેવલ પ્લેટફોર્મ અને FOBના સંબંધમાં OHE ફેરફાર અને એન્જીનિયરીંગ કામના સંબંધમાં TRD કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. સિની.ડીઈઈ/ટીઆરડી/એડીઆઈ/૦૯(૨૦૨૬-૨૭) તા.૦૫-૦૫-૨૦૨૬

| અનું. નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત ખર્ચ | ઈએમડી |
|---|---|---|---|---|
| ૦૧ | ટીઆરડી-એડીઆઈ-ટી-૦૯-૨૦૨૬-૨૭ | ચાંદલોડિયા અને મણીનગર સ્ટેશન - નવા ઉચ્ચ લેવલ પ્લેટફોર્મ અને ફુટ ઓવર બ્રિજના સંબંધમાં OHE ફેરફાર. | ₹ ૭૧,૬૪,૫૫૭/- | ₹ ૧,૪૩,૩૦૦/- |
| ૦૨ | ટીઆરડી-એડીઆઈ-ટી-૨૭R-૨૦૨૫-૨૬ | અમદાવાદ ડિવિઝન - અમદાવાદ-વિરમગામ-સામાખ્યાળી-ગાંધીધામ સેક્શનમાં વિવિધ સ્થળો ખાતે એન્જીનીયરીંગ કામના સંબંધમાં TRD કામ. | ₹ ૬૭,૧૨,૭૨૫/- | ₹ ૧,૩૪,૩૦૦/- |

**બંને ટેન્ડરો માટે : જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમય:** તા.૦૨-૦૬-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી તે પછી નહીં અને તા.૦૨-૦૬-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગત:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. વેબસાઈટ: www.ireps.gov.in ADI-025

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

### સૌરાષ્ટ્ર અને વડોદરા જિલ્લાના પદાધિકારીઓની પસંદગી હાલ મોકૂફ, 11 મે બાદ નામ જાહેર કરાશે

# PM મોદીના ગુજરાત પ્રવાસને લઈ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડના શિડ્યૂલમાં ફેરફાર

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી 11 મેના ગુજરાત પ્રવાસને ધ્યાનમાં રાખીને પક્ષે આ નિર્ણય લીધો છે**
- **સૌરાષ્ટ્ર વિસ્તાર અને વડોદરા જિલ્લાના ચૂંટાયેલા પદાધિકારીઓ માટેની પસંદગી પ્રક્રિયા હાલ મોકૂફ રાખવામાં આવી છે. આ વિસ્તારોના દાવેદારો અંગેનું મંથન હવે 11 મે બાદ હાથ ધરાશે.**

**ગાંધીનગર, તા.06**

આજે એટલે કે 6 મેથી મુખ્યમંત્રીના નિવાસસ્થાને ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જે આગામી 8 મે સુધી ચાલવાની છે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જીત બાદ વિવિધ જિલ્લાઓમાં ચૂંટાયેલી પાંખના વડાની પસંદગી માટે મુખ્યમંત્રી નિવાસ સ્થાન ખાતે શરૂ થયેલી ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકના શિડ્યુલમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી 11 મેના ગુજરાત પ્રવાસને ધ્યાનમાં રાખીને પક્ષે આ નિર્ણય લીધો છે, જેના કારણે હવે અન્ય જિલ્લાઓ માટેની ચર્ચા આગળ ધપાવવામાં આવી છે.

માહિતી મુજબ, ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તાર અને વડોદરા જિલ્લાના ચૂંટાયેલા પદાધિકારીઓ માટેની પસંદગી પ્રક્રિયા હાલ મોકૂફ રાખવામાં આવી છે. આ વિસ્તારોના દાવેદારો અંગેનું મંથન હવે 11 મે બાદ હાથ ધરાશે. વડાપ્રધાનના પ્રવાસને કારણે સંગઠનના અગ્રણીઓ અને હોદ્દેદારો કાર્યક્રમોની તૈયારીમાં વ્યસ્ત હોવાથી આ નિર્ણય લેવાયો છે.

જોકે, પક્ષ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે બાકીના જિલ્લાઓ માટેની પ્રક્રિયા યથાવત રહેશે અને પાર્લામેન્ટરી બોર્ડની બેઠકો અગાઉ નક્કી કરેલા કાર્યક્રમ મુજબ જ ચાલુ રહેશે. મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખની હાજરીમાં ચાલી રહેલી આ બેઠકોમાં અલગ-અલગ જિલ્લાઓ માટે પદાધિકારીઓના નામો ફાઈનલ કરવાની પ્રક્રિયા તેજ ગતિએ આગળ વધી રહી છે. આ બદલાવને કારણે સૌરાષ્ટ્ર અને વડોદરા વિસ્તારમાં રાજકીય ગરમાવો વધુ તેજ બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, કારણ કે હવે દાવેદારોને વધુ સમય મળતા લોબીંગ અને દાવપેચ પણ વધશે.



તસ્વીર પ્રતિકાત્મક છે

#### અન્ય જિલ્લાઓમાં પદાધિકારીઓના નામો ફાઈનલ કરવાની પ્રક્રિયા તેજ

જોકે, પક્ષ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે બાકીના જિલ્લાઓ માટેની પ્રક્રિયા યથાવત રહેશે અને પાર્લામેન્ટરી બોર્ડની બેઠકો અગાઉ નક્કી કરેલા કાર્યક્રમ મુજબ જ ચાલુ રહેશે. મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખની હાજરીમાં ચાલી રહેલી આ બેઠકોમાં અલગ-અલગ જિલ્લાઓ માટે પદાધિકારીઓના નામો ફાઈનલ.

#### સૌરાષ્ટ્ર અને વડોદરા જિલ્લાના પદાધિકારીઓની પસંદગી હાલ મોકૂફ

માહિતી મુજબ, ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તાર અને વડોદરા જિલ્લાના ચૂંટાયેલા પદાધિકારીઓ માટેની પસંદગી પ્રક્રિયા હાલ મોકૂફ રાખવામાં આવી છે. આ વિસ્તારોના દાવેદારો અંગેનું મંથન હવે 11 મે બાદ હાથ ધરાશે.

**ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની મહત્વપૂર્ણ બેઠક :** સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જીત બાદ વિવિધ જિલ્લાઓમાં ચૂંટાયેલી પાંખના વડાની પસંદગી માટે મુખ્યમંત્રી નિવાસ સ્થાન ખાતે શરૂ થયેલી ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકના શિડ્યુલમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે.

# ધો-10માં અત્યાર સુધીનું સૌથી વધુ 83.86% પરિણામ

### ગુજરાતીઓ ગણિત-વિજ્ઞાનમાં કાચા, 2 લાખથી વધુ વિદ્યાર્થી ફેલ, સાયન્સમાં મેરિટ નીચું જશે; દીકરીઓએ ફરી બાજી મારી

**અમદાવાદ, તા.06**



આજે(6 મે) ગુજરાતમાં ધોરણ-10 એસ.એસ.સી. પરીક્ષાનું કુલ પરિણામ 83.86% જાહેર થયું છે, જે અત્યાર સુધીનું સૌથી વધુ પરિણામ છે. જેમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ 88.28% રહી વિદ્યાર્થીઓ કરતાં 8.16% આગળ રહ્યું છે. જિલ્લાવાર પરિણામમાં નર્મદા જિલ્લો 90.85% સાથે રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યો છે, જ્યારે પંચમહાલ જિલ્લાનું પરિણામ સૌથી ઓછું 76.42% નોંધાયું છે. કેન્દ્રવાર પરિણામમાં ગાંધીનગર જિલ્લાના આજોલ કેન્દ્રે 100% પરિણામ મેળવી મોખરું સ્થાન મેળવ્યું છે, જ્યારે દાહોદ જિલ્લાના મુનખોસલા કેન્દ્રનું પરિણામ 33.74% સાથે સૌથી છેલ્લે રહ્યું છે. આ પરીક્ષામાં કુલ 7,56,392 નિયમિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 6,34,327 વિદ્યાર્થીઓ સફળ જાહેર થયા છે. રાજ્યમાં 1,697 શાળાઓએ 100% પરિણામ નોંધાવ્યું છે, જ્યારે 39 શાળાઓનું પરિણામ શૂન્ય ટકા રહ્યું છે. માધ્યમ મુજબ અંગ્રેજી માધ્યમનું પરિણામ 92.50% અને ગુજરાતી માધ્યમનું પરિણામ 82.67% નોંધાયું છે. નાપાસ વિદ્યાર્થીઓ માટે જૂન-2026માં 'Best of Two' પદ્ધતિ સાથે પૂરક પરીક્ષા યોજાશે. ગત વર્ષે 100% પરિણામ ધરાવતી 1574 શાળાઓ હતી જેમાં વધારો થતા આ વર્ષે 1697 શાળાઓમાં 100% પરિણામ આવ્યું છે. તો ગત વર્ષે 45 શાળાઓનું 0% પરિણામ આવ્યું હતું જે ઘટીને આ વર્ષે માત્ર 39 શાળાઓનું જ 0% પરિણામ આવ્યું હતું. બેઝિક મેથ્સમાં 1 લાખ 6 હજાર 504 અને વિજ્ઞાનમાં 94,645 વિદ્યાર્થીઓ નાપાસ થતાં સાયન્સમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટશે. જેથી મેરિટ લિસ્ટ પણ નીચું રહેવાની શક્યતા છે. આમ જો કોઈને સાયન્સમાં પ્રવેશ લેવો હોય તો એડમિશન સરળતાથી મળી જશે. ધોરણ 10 એસએસસી પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં કુલ 1,83,674 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે, જેમાં 1,22,065 નિયમિત વિદ્યાર્થીઓ, 44,806 રિપીટર વિદ્યાર્થીઓ અને 16,763 GSOS (ખાનગી) વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. નાપાસ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા જૂન માસમાં પૂરક પરીક્ષાનું પુનઃ આયોજન કરવામાં આવશે અને વિદ્યાર્થીઓને 'Best of Two' યોજના હેઠળ ફરી પરીક્ષા આપવાની તક પણ મળશે, જેથી તેઓ પોતાના પરિણામમાં સુધારો કરી શકે. ધોરણ 10ના પરિણામમાં બેઝિક ગણિતમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. બેઝિક ગણિતમાં કેમ સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે અને આવનાર સમયમાં તેની શું અસર આવશે તેને લઈને શિક્ષણવિદ મુક્તક કાપડિયાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, ઓવરઓલ પરિણામ ઉંચુ ગયું છે તે ખૂબ સારી બાબત છે, પરંતુ બેઝિક ગણિતમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે તે ખૂબ જ ચિંતાનો વિષય છે. ગ્રાસરૂટ લેવલ પરથી વિદ્યાર્થીઓને તૈયાર કરવાની ખૂબ જ જરૂર છે. પ્રાઈમરીથી ગણિતનો પાયો મજબૂત કરાવવામાં આવે તો ધોરણ 10માં ગણિતમાં કોઈ વિદ્યાર્થી નાપાસ ના થઈ શકે. ઘણી વખત સંખ્યા મેન્ટેન કરવા માટે વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં લઈ જવામાં આવે છે.

# સુરેન્દ્રનગરમાં કરોડોના વિકાસકામોનો શુભારંભ

### નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ રિવરફ્રન્ટ, ટાઉન હોલનું ખાતમુહૂર્ત કર્યું

**સુરેન્દ્રનગર, તા.06**

સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાના હસ્તે કરોડોના વિકાસકામોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વઢવાણ ભોગાવો નદીના કાંઠે રૂ. 56 કરોડના ખર્ચે રિવરફ્રન્ટ ફેઝ-3 અને રૂ. 8 કરોડના ખર્ચે રંભાબેન ટાઉન હોલના નવનિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. શહેરના નાગરિકોની સુખાકારી અને આધુનિક સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી, જગદીશભાઈ મકવાણાએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજન-અર્ચન કરી કામગીરીનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રોજેક્ટ્સ શહેરની ઓળખ અને સુવિધામાં વધારો કરશે. આ પ્રસંગે જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર શહેરની સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓના કેન્દ્ર સમાન રંભાબેન ટાઉન હોલને અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવા માટે અંદાજે રૂ. 8 કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ નવનિર્મિત ટાઉન હોલ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે નાગરિકોને ઉત્તમ કક્ષાનું પ્લેટફોર્મ પૂરું પાડશે. વધુમાં રિવરફ્રન્ટ પ્રોજેક્ટની વિગતો આપતા તેમણે ઉમેર્યું હતું કે, રિવરફ્રન્ટના પ્રથમ અને બીજા ફેઝની સફળતા બાદ હવે ત્રીજા ફેઝનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

# 'હું ચલાવું છું, એમાંથી બહાર આવી જાવ', CMની અધિકારીઓને ટકોર

**જામનગ, તા.06**

અડાલજના ત્રિમંદિર ખાતે મહેસૂલ વિભાગની ત્રિદિવસીય ચિંતન શિબિરનો ભવ્ય પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યો હતો. "Collaborate, Innovate and Transform for Better Land Governance" થીમ સાથે યોજાયેલી આ શિબિરમાં રાજ્યભરના જિલ્લા કલેક્ટરો અને મહેસૂલી અધિકારીઓ એકત્ર થયા છે. કાર્યક્રમના આરંભે મુખ્યમંત્રીએ તીખી ટિપ્પણી કરતાં કહ્યું કે, "ચિંતન શિબિર છે તો બધા ચિંતિત કેમ?". એટલું જ નહીં 'હું ચલાવું છું' એવો અભિમાન છોડીને ટીમવર્કથી કાર્ય કરવાની અધિકારીઓને ટકોર કરી હતી.



**ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાની સીએમની સૂચના**

મુખ્યમંત્રીએ કલેક્ટરોની ભૂમિકા પર ભાર મૂકતાં કહ્યું કે તેઓ પાસે વિશાળ સત્તાઓ છે અને તે સત્તાનો ઉપયોગ પ્રજાલક્ષી કામોમાં થવો જોઈએ. 'દર 15 દિવસે પોતાના કામનું ચિંતન કરો, એક-બે લોકોના કારણે આખા વિભાગની છબી ખરાબ ન થાય' એવી ચેતવણી આપતાં તેમણે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાની સ્પષ્ટ સૂચના આપી. તેમણે જણાવ્યું કે સ્વાગત ઓનલાઈન જેવા કાર્યક્રમોમાં નાગરિકોના પ્રશ્નો સીધા તેમની પાસે પહોંચે છે, તેથી અધિકારીઓએ અગાઉથી જ સમસ્યાઓનું નિવારણ કરી દેવું જોઈએ જેથી લોકો સંતોષ અનુભવે.

**હું ચલાવું છું, એમાંથી બહાર આવી જાવ: મુખ્યમંત્રી**

મુખ્યમંત્રીએ અધિકારીઓને સંવેદનશીલ વહીવટ માટે પ્રેરિત કરતાં કહ્યું કે, "ઓફિસમાં આવનાર કોઈપણ વ્યક્તિને ખચકાટ ન થાય, હસતા મોઢે કામ કરશો તો અરજદાર ખુશ થશે." સાથે જ તેમણે "હું ચલાવું છું" એવો અભિમાન છોડીને ટીમવર્કથી કાર્ય કરવાની સલાહ આપી અને ઉમેર્યું કે સિસ્ટમ સૌના સહકારથી ચાલે છે. IAS અધિકારીઓના સંઘર્ષનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે મોટી મહેનત બાદ આ પદ પ્રાપ્ત થાય છે, તેથી જવાબદારીપૂર્વક કાર્ય કરવું જરૂરી છે. વ્યક્તિગત કે વહીવટી મુશ્કેલી હોય તો સીધા તેમને જાણ કરવા પણ મુખ્યમંત્રીએ આશ્વાસન આપ્યું.

**'શિબિર આત્મસંવાદનું શક્તિશાળી માધ્યમ'**

મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને યાદ કરતાં કહ્યું કે વિકસિત ભારત 2047ના લક્ષ્યને વિકસિત ગુજરાતથી સાકાર કરવા મહેસૂલ વિભાગની ભૂમિકા મહત્વપૂર્ણ છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

# વલસાડમાં નાસિકની 'સાળી-બનેવી' ગેંગ ઝડપાઈ

## ફોર્ચ્યુનર કારમાં જઈ હાઈ-પ્રોફાઈલ બંગલાઓને ટાર્ગેટ કરતી

**વલસાડ, તા.06**

વલસાડ પોલીસે નાસિકની એક આંતરરાજ્ય ચોર ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગના સભ્યો સફેદ ફોર્ચ્યુનર કારમાં આવીને હાઈ-પ્રોફાઈલ બંગલાઓને નિશાન બનાવતા હતા. પોલીસે ગેંગના મુખ્ય બે સાગરીતોની ધરપકડ કરી 34 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગેંગ વાપી GIDCના પોશ ગુંજન વિસ્તારમાં આવેલા ઓફિસર્સ બંગલામાં થયેલી ઘરફોડ ચોરીના કેસમાં સંડોવાયેલી હતી. તસ્કરોએ



બંગલાના પાછળના રસોડાનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને બેડરૂમમાં રાખેલી તિજોરીમાંથી સોનાના દાગીના સહિત 1.62 લાખની કિંમતનો સામાન ચોરી લીધો હતો. આ અંગે GIDC પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા. LCBની ટીમે આધુનિક ટેકનિકલ સર્વેલન્સ અને CCTV ફૂટેજની મદદથી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન એક સફેદ ફોર્ચ્યુનર કાર શંકાસ્પદ જણાઈ હતી, જેના આધારે તપાસના છેડા મહારાષ્ટ્રના નાસિક સુધી પહોંચ્યા.

# કચ્છના ક્રિક વિસ્તારમાંથી BSFએ પાકિસ્તાની બોટ ઝડપી : બોટમાં માછીમારીનો સામાન નીકળ્યો

**ગાંધીધામ, તા.06**

રણ, ડુંગર, દરિયો અને આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા સંવેદનશીલ કચ્છ જિલ્લામાં ઘૂસણખોરીના વધતા જોખમો વચ્ચે સીમા સુરક્ષા દળ (BSF)ને મોટી સફળતા મળી છે. હરામી નાળા અને ક્રીક વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન BSFની ટીમે એક બિનવારસી પાકિસ્તાની બોટ ઝડપી પાડી છે. આ ઘટના બાદ સરહદી અને દરિયાઈ સુરક્ષામાં અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, BSFના જવાનો જ્યારે ક્રીક વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યા હતા, ત્યારે તેમને એક પાકિસ્તાની બોટ તરતી હાલતમાં મળી આવી હતી. સુરક્ષા દળોએ તુરંત બોટનો કબજો લઈ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બોટમાંથી માછીમારી માટેના સાધનો અને જાળ મળી આવી છે. જોકે, બોટમાંથી કોઈ વિસ્ફોટક કે અન્ય શંકાસ્પદ વસ્તુઓ મળી નથી.

